પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૬/૦૯/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર


# અમરેલી એક્સપ્રેસ


અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ આસો સુદ-૫ વર્ષ : ૧૬ અંક : ૨૪૩


**સુવિચાર**

''શ્રેય અથવા મોક્ષ મેળવવા માટે સંસારના સર્વ મનુષ્યો કાજે ભગવાન શ્રી કૃષ્ણએ જે આપ્યું છે, તે છે શ્રીમદ્ ભગવદ્ ગીતા.''

:: સૌજન્ય ::


નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



SINCE 1999
હરિૐ
PENDAWALA
રસપાત્રા
ખાંડવી
બેબી ઈડલી
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.8999990099


## ૯૦ દિવસ પહેલા ૬૦ જેટલી એલઈડી તો લગાવી પણ શરૂ થતી નથી

# લ્યો બોલો : ચલાલામાં લાખો રૂપિયાનો ખર્ચ છતાં અજવાળા ન પથરાયા

**જનતા જનાર્દન પેટે પાટા બાંધીને સરકારી તિજોરીમાં કરવેરા રૂપે નાણા જમા કરાવે અને તેનો થાય દુરુપયોગ**

**નબળી નેતાગીરી, મજબુત વહીવટીતંત્રનાં લીધે નાગરિકો એક-એક સુવિધા માટે કરે છે સંઘર્ષ**

**નગરસેવકથી લઈને સાંસદ અને તલાટી મંત્રીથી લઈને પ્રધાનમંત્રી સહિત સૌ કોઈને જનતા સાથે લેવા-દેવા ન હોય તેવો માહોલ**

**શહેરીજનોએ તમામ ૨૪ બેઠક એકી સાથે ભાજપનાં ચરણમાં ધરી દીધી છતાં પણ અન્યાય જ થાય**






ચલાલા, તા. ૨૫

ચલાલા નગરપાલિકા તંત્ર દ્વારાશહેરમાંમાંરૂપિયા૨૫લાખનાખર્ચે એલઈડી સાથેના વીજપોલ ઉભા ત્રણ મહિના પહેલા કરી દીધા પરંતુ હજુ લાઈટના અંજવાળા થતા નથી. તો શહેરીજનોમાં વહેલી તકે આ લાઈટો ચાલુથવાનીમાગઉભીથવાપામીછે.

સૂત્રોમાંથી જાણવા મળેલ વિગતમુજબચલાલાનગરપાલિકાતંત્ર દ્વારા વિવેકાનંદ ૧૫% વર્ષ ૨૦૨૩–૨૪ની ગ્રાન્ટ ૨૫ લાખના એલ્યુમિનિયમના એલઈડી લાઈટ સાથેના ૬૦ વીજ પોલ અમરેલી રોડ રિલાયન્સ પેટ્રોલ પંપથી ધારી રોડ, ગાયત્રી મંદિર સુધીના હાઈવે રોડ વિસ્તારમાંત્રણમહિનાપહેલાઉભાકરી દેવામાં આવેલ છે. છતાં આજે ત્રણ મહિનાબાદપણલાઈટોચાલુકરવામાં આવતી નથી.

જાણવા મળતી માહિતી મુજબ આ કામના કોન્ટ્રાકટરે નબળી ગુણવત્તા વાળો માલ ધાબડી દીધેલો હોવાથીલાઈટચાલુથતીનથીઅનેઆ કામમાંમોટોભ્રષ્ટાચારથયાહોવાનુંલોક મૂખે ચર્ચાઈ રહ્યું છે. નગરપાલિકાના સભ્યોમાં પણ આ લાઈટો ચાલુ કરાવી અને લોકોને સુવિધા અપાવવામાં જરાપણરસનથીએવુંલાગીરહ્યુંછે.આ અંગેચીફઓફિસરસાથેટેલીફોનિકવાત કરતાચીફઓફિસરે જણાવેલછે કે, આ અંગે મને કોઈ જ ખબર નથી એન્જિનિયરને પૂછોએમનેખ્યાલહશે. એન્જિનિયરને ત્રણ–ચાર વખત ફોન કરવા છતાં તેઓ ફોન ઉપાડતા નથી. ચલાલાના નગરજનો નગરપાલિકાના પ્રમુખઅનેસભ્યોપાસેઆશારાખીરહ્યા છે કે વહેલી તકે આ લાઈટો ચાલુ કરી શહેરીજનોનેસુવિધાપ્રાપ્તથાય.ચલાલા શહેરના નગરજનોએ ચલાલા નગરપાલિકાને૨૪બેઠકોસાથેની

**અનુસંધાન પાના ૬ ઉપર**

**આમ આદમી પાર્ટીએ પીજીવીસીએલની કામગીરીની કરી ટીકા**

# અમરેલીમાં ગુરૂવારે કલાકો સુધી વીજળી ગાયબ થતાં વેપારીઓ સહિત સૌ કોઈ તોબા પોકારી ગયા

**આધુનિક યુગમાં નિયમિત વીજળી આપવામાં વીજતંત્ર નિષ્ફળ**

અમરેલી, તા. ૨૫

અમરેલીએજિલ્લાનુંમુખ્ય મથક હોવા છતાં કલાકો સુધી વીજળી ગાયબથતાંવેપારીઓ, તબીબીજગત, રહેણાંકમકાનસહિતસૌકોઈ પરેશાન થઈ ગયા છે. આજે ગુરૂવારે સવારથી સાંજસુધીપીજીવીસીએલએમરામતનું કારણધરીનેવીજળીબંધકરતાંબાળકો, વૃધ્ધો અને બીમાર તોબા પોકારી ગયા હોય આમ આદમી પાર્ટીએ પીજીવીસીએલ સામે નારાજગી વ્યકત કરી છે.

''આપ''નાં પ્રમુખ નિકુંજ સાવલિયાએ જણાવ્યું હતું કે, અમરેલી શહેરમાંછેલ્લાછમહિનાથીઅવારનવાર વીજળી કાપ લાગતા જનતા ભારે ત્રાહિમામપોકારીરહીછે.શહેરનીઅંદર વીજળીનાધાંધિયા, મેન્ટેનન્સનાબ્હાનાં અને વારંવાર થતા વીજ કાપને કારણે સામાન્ય નાગરિકો, વેપારીઓ તથા વિદ્યાર્થીઓપરભારેઅસરપડીરહીછે.

જયારે એક બાજુ સરકાર મોંઘાદરેવીજળીવેચેછેત્યારેબીજીબાજુ નિયમિત અને પૂરતી વીજળી પૂરી પાડવામાંનિષ્ફળગઈછે.જનતાનિયમિત રીતે બિલ ચૂકવે છે છતાં પણ યોગ્ય રીતે પાવરસપ્લાયનઆપવોએઅણઆવડત અનેબેદરકારીનુંપરિણામછે.

શહેરની હાલત એટલી નાજુકબનીગઈછે કેઅવારનવારથતા વીજ કાપને કારણે વિદ્યાર્થીઓ અભ્યાસમાં મુશ્કેલીઅનુભવીરહ્યાછે. નાના ઉદ્યોગો અને દુકાનદારોને ઉત્પાદનમાંખોટતથાઆર્થિકનુકસાન સહનકરવુંપડીરહ્યુંછે. ઘરેલુઉપકરણો વારંવારબગડીજતાંસામાન્યનાગરિકો પર વધારાનો આર્થિક ભાર આવી રહ્યો છે. ગરમીના દિવસોમાં તો વૃદ્ધો અને બાળકોનેખાસકરીનેભારે પરેશાનીનો સામનોકરવોપડેછે.

જનતાની આ હેરાનગતિ તાત્કાલિક બંધ કરવામાં આવે, અવારનવારથતાવીજકાપપરકાબુમેળ વવામાં આવે, નિયમિત બિલ વસૂલાત પ્રમાણે જનતાને સતત અને ગુણવત્તાયુકત વીજળી સપ્લાય આપવામાંઆવે.

જોઆવનારાદિવસોમાંપણ વીજળીકાપનીસમસ્યાયથાવતરહેશેતો આમઆદમીપાર્ટીતીવ્રઆંદોલનકરવા મજબૂરબનશે. તેમઅંતમાંજણાવેલછે.



અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪



શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ
મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો.૯૬૮૭૦ ૭૭૨૯૫
SHYAM Caterers

શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫



Krishna
DINING HALL

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨



તારીખ : ૨૯-૧૦-૨૦૨૫
લાભ પાંચમથી
ચાલુ કરી રહ્યા છીએ...
naari IVF™
''નવી આશા, નવી યાત્રા''
અમે તકનીકી દ્રષ્ટિએ અદ્યતન IVF સારવાર અને સંપૂર્ણ મેડિકલ માર્ગદર્શન આપીને દંપતિઓને માતા-પિતા બનવાનો અવસર પ્રદાન કરીએ છીએ..

નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
Mo.78620 37707



## અમરેલી નાગરિક સહકારી બેંક લી. અમરેલી

:: જાહેરાત ::

અમરેલી નાગરિક સહકારી બેંક લી. માટે સાવરકુંડલા ગામમાં હાર્દસમા વિસ્તારમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં આશરે ૧૮૦૦ થી ૨૦૦૦ ચો.ફુટ કારપેટ એરીયાની જગ્યામાં બેંક ઓફીસ થઈ શકે તેવા સારા (નવા) બાંધકામવાળી મકાન/ઓફીસ જગ્યા રેડી પજેશનમાં ૩૦ વર્ષનાં લોકીંગ પીરીયડથી ભાડાપટ્ટા કરારથી જોઈએ છીએ અને જો પ્લોટ હોય તો ૧૨૦ દિવસમાં બેંકના પ્લાન પ્રમાણે તૈયાર કરી આપવાની શરતે ભાડેથી જોઈએ છીએ. આ જગ્યામાં સ્ટ્રોંગરૂમ, પેન્ટ્રી, એટેચ ટોયલેટ વિગેરે બાંધકામ સાથેની જગ્યા ભાડેથી રાખવાની છે, રસ ધરાવતી પાર્ટી પાસેથી તારીખ : ૧૦-૧૦-૨૦૨૫ ને શુક્રવારના સાંજના ૬:૦૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં ઓફર મંગાવવામાં આવે છે.

:: નોંધ ::

- બંધ કવર ઉપર સાવરકુંડલા બ્રાંચ માટે ભાડેથી જગ્યા આપવા અંગેનાં ભાવ આવુ લખવાનું રહેશે.
- જાહેરાત પ્રસિધ્ધ થયેથી સાવરકુંડલા ખાતે પોતાની માલિકીની મિલ્કત ધારણકર્તા હોય તેવા લોકોએ અમરેલી નાગરિક સહકારી બેંક લી. અમરેલી શાખા ખાતેથી રૂા.૫૦૦/- નોનરીફંડેબલ ફોર્મ ફી ભરીને ફોર્મ મેળવીને તા.૧૦-૧૦-૨૦૨૫ સુધીમાં પરત પહોંચાડવાનું રહેશે. સમયમર્યાદા બહારની અરજી ધ્યાને લેવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.
- મિલ્કતના આધારો :-
  (૧) મિલ્કતના દસ્તાવેજની નકલ (૨) પ્રોપર્ટી કાર્ડની નકલ
  (૨) બાંધકામ રજાચિઠ્ઠીની નકલ (૨) મિલ્કતનાં લોકેશનનો ફોટો જોડવાનો રહેશે.
- ઉપરોકત બાબતે વધુ પુછપરછ કરવા માટે નીચેના મોબાઈલ નંબર પર સંપર્ક કરવો. મો.નં.૯૪૨૬૪ ૨૨૯૯૯ (પી.પી.સોજીત્રા)

: ઓફર મોકવાનું સ્થળ :

અમરેલી નાગરિક સહકારી બેંક લી.
''નાગરિક ભવન'' કેરીયા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧

તારીખ :- ૨૬-૦૯-૨૦૨૫
સ્થળ :- અમરેલી

દિલીપ ધોરાજીયા
મેનેજર
અ.ના.સ.બેંક લી.,અમરેલી

### અમરેલી જિલ્લાનું એક અણમાનીતું શહેર કે જેને અન્યાયની પરાકાષ્ઠા

# દામનગરને તાલુકા મથક આપવાની માંગ પૂર્ણ ન થઈ

**નવી–નવી સુવિધા આપવાને બદલે જુની સુવિધાઓ પણ ભુતકાળમાં છીનવાઈ ગઈ છે**

**શહેરનો વિકાસ થંભી જતાં સમગ્ર પંથકની જનતા મહાનગરો તરફ જવા મજબુર બની**

**અનેક ધારાસભ્યો અને સાંસદો બદલાવ્યા છતાં કોઈ જનતાની અપેક્ષા પૂર્ણ કરી શકતું નથી**

**રાજય સરકારે તાજેતરમાં નવા તાલુકાની જાહેરાત કરી તેમાં દામનગરનો સમાવેશ ન કરાયો**

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લાનું એક એવું શહેર દામનગર કે જેમને આઝાદીનાં ૭૮ વર્ષનાં કાર્યકાળમાં નવી–નવી સુવિધાઓ મળવાને બદલે અનેક જુની સુવિધા પણ છીનવાઈ રહી છે અને સુવિધાનાં અભાવે શહેર ઉપરાંત આજુબાજુનાં ૧૫ થી ૨૦ ગામોની જનતા સુરત, અમદાવાદ જેવા મહાનગરોમાં સ્થળાંતર કરવા મજબુર બની છે.

દામનગર શહેરમાં પાલિકા, પોલીસ સ્ટેશનની સુવિધા છે પરંતુ એસ.ટી. ડેપોનો અભાવ છે. તાજેતરમાં રાજય સરકારે નવા ૧૩ તાલુકાઓની જાહેરાત કરી તેમાં દામનગરને તાલુકા મથક આપવાની માંગ વર્ષોથી થતી હોવા છતાં પણ તે માંગ પરિપૂર્ણ કરવામાં આવી નથી.

---

### એસપીની સુચનાથી એસઓજીની કામગીરી

## રાજુલામાં નોંધણી વગર સીમકાર્ડનું વેચાણ કરનાર વિરૂધ્ધ કાર્યવાહી શરૂ

**વેપારી તુષાર મહેતા વિરૂધ્ધ કાર્યવાહી**

અમરેલી, તા. ૨૫

રાજુલામાં જુના તથા નવા મોબાઈલ તથા સીમકાર્ડના વેચાણના ખરીદનારવ્યકિતનાઆધારપુરાવાઅંગે જરૂરી રજીસ્ટરમાં નોંધણી ન કરનાર ઈસમવિરૂધ્ધઅમરેલીએસ.ઓ.જી.એ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા મોબાઈલ ફોન તથા સીમકાર્ડની લે–વેચ કરતા દુકાનદારો ખરીદનાર તથા વેચાણ કરનાર વ્યકિતના યોગ્ય આધાર પુરાવા અંગે રજીસ્ટરની નિભાવણી કરવા અંગે અમરેલી જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા પ્રસિધ્ધ થયેલ જાહેરનામાનીચુસ્તઅમલવારીકરાવવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હતું.

જે અનુસંધાને અમરેલી એસ.ઓ.જી. ટીમ રાજુલા પોલીસ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાનરાજુલાખાતેછતડીયારોડપર મહાવીરમોબાઈલનામનીદુકાનેપોલીસે તપાસકરતાનવાજુનામોબાઈલખરીદ વેચાણ કર્યા અંગે કોઈ રજીસ્ટરની નિભાવણી ન કરી જિલ્લા મેજીસ્ટ્રેટ અમરેલીદ્વારાજાહેરકરેલજાહેરનામાનો ભંગ કરેલ હોય જે દુકાન માલીક તુષાર મુકેશભાઈ મહેતા નામના વેપારી વિરૂધ્ધ પોલીસ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---

### ભાગીને લગ્ન કરવા બાબતે

## લીલીયાનાં પૂંજાપાદર માર્ગ ઉપર ૨ જુથ વચ્ચે ડખ્ખો થયો

**પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધી**

અમરેલી, તા. ૨૫

લીલીયાના પુંજાપાદર રોડ ઉપર રહેતા અજય કાળુભાઈ ચારોલીયા નામના ઈસમે લીલીયા ગામે આવેલ બગીચા પ્લોટમાં રહેતા પરેશભાઈ રમેશભાઈ વાઘેલા નામના ૨૨ વર્ષિય યુવકના કાકાની દિકરી સાથે ભાગીને લગ્ન કરેલા હતા. તે વાતનુ મનદુઃખ રાખી આરોપી બદરૂ કાળુભાઈ ચારોલીયા તથા અજય કાળુભાઈ ચારોલીયાએ યુવકનુ મોટર સાયકલ ઉભુ રખાવી યુવક ઉપર સમાધાન માટે દબાણ કરી યુવકને ગાળો આપી હાથે આરોપીએ કુહાડી વડે ફેકચર કરી તેમજ લાકડી વડે શરીરે મુંઢ ઈજાઓ તેમજ પથથરના છુટા ઘા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ચાર ઈસમો સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

તો સામા પક્ષે અજયભાઈ કાળુભાઈ ચારોલીયાએ પણ આ જ બનાવમાં પરેશ રમેશભાઈ વાઘેલા, કિશન વિકુભાઈ વાઘેલા, રાહુલ રમેશભાઈ વાઘેલા તથા મુકેશ જીણાભાઈ વાઘેલા સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

---

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચે નાસતા–ફરતા આરોપી ઝડપી લીધા

## ધારી : સસ્તુ સોનુ આપવાના બહાને નકલી સોનુ પધરાવી ૧૦ લાખ પડાવી લેનાર ૩ આરોપી ઝડપાયા

**બાવરી ગેંગના ૩ સદસ્યોની ૯.૫૮ લાખનાં મુદ્દામાલ સાથે અટકાયત**



અમરેલી, તા. ૨૫

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જીલ્લામા ગુનાઓઆચારી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને સુચના આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ વી.એમ.કોલાદરાની રાહબરી હેઠળ અમરેલી એલ.સી.બી. ટીમે ધારી પોલીસ સ્ટેશનના ભારતીય ન્યાય સંહિતા કલમ ૩૧૮(૨), ૩૧૮(૪) મુજબના કામના આરોપીઓ પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે છેલ્લા બે મહિનાથી નાસતા ફરતા હોય આ નાસતા ફરતા આરોપીઓને ટેક્નીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ ધારી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

આ બનાવની વિગત એવી છે કે, પોરબંદર જિલ્લાના માધુપુર (ઘેડ), સાગરશાળાની બાજુમાં રહેતા વનીતાબેન કાનાભાઈ ચૌહાણને જુનાગઢ જિલ્લાના માંગરોળ ગામે રહેતા આરોપી જાબીરભાઈ ઈકબાલભાઈ બાનવાર તથા આસીફભાઈ હૈદરભાઈ રફાઈ તથા બીજા બે અજાણ્યા માણસોએ રસ્તા ભાવે સોનુ ખરીદ કરવાની લાલચ આપી વિશ્વાસમાં લઈ તા.૧૬/૬/૨૫ નાં રોજ વનીતાબેનને ધારી ખાતે બોલાવી તેમને ખોટુ સોનુ આપી તેમની પાસેથી રૂપિયા દસ લાખ લઈ વિશ્વાસઘાત અને ઠગાઈ કરી ગુનો કરેલ હોય, જે અંગે વનીતાબેનએ આરોપીઓ વિરૂધ્ધ ધારી પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહીતાની કલમ ૩૧૮(૨), ૩૧૮(૪) મુજબની ફરિયાદ નોંધાવી હતી.

આ ગુનામાં સંડોવાયેલ બાવરી ગેંગના ત્રણ આરોપીને અગાઉ કુલ કિંમત રૂ.૯,૫૮,૦૦૦ના મુદ્દામાલ સાથે એલ.સી.બી. ટીમ દ્વારા પકડી પાડી પાડવામાં આવેલ હતા. જયારે આ બનાવના આરોપી જુનાગઢ ગામે રહેતા રાજેશ ઉર્ફે રાજુભાઈ જીવનભાઈ સોલંકી, મોહનભાઈ ગંગારામભાઈ વાઘેલા તથા ગોવિંદભાઈ દેવાભાઈ રાઠોડ નામના આરોપી ત્રણ નાસતા ફરતા હતા. તેમને અમરેલી એલ.સી.બી. ટીમે ટેક્નીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે ધારી વિસ્તારમાંથી ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી થવા સારૂ ધારી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

---

## ગોંડલ–રાજકોટ રોડ પરથી પસાર થતા મુસાફરોની વેદના

અમરેલી, તા. ૨૫

વિશ્વનો સૌથી ખરાબ રોડ ભારતની એક અજાયબી એટલે રાજકોટ ગોંડલ રોડ ગોંડલથી રાજકોટ ૩૫ કિલોમીટર પહોંચતા ફોરવ્હીલમાં સવા બે કલાક સળંગ ૫૦૦ મીટર પણ સારો નહીં. વચ્ચે ૧૦ થી વધુ પુલ બને છે. ઓવરબ્રીજ બને છે. ખાડા, કાંકરી, ડામર તો જોવા જ મળે નહીં. એક વર્ષથી આ દશા છે. બે વર્ષ હજી આ સ્થિતિ છે. લોકો રાજકોટ જવા માટે વાયા કોટડા–સાંગાણીથી ચાલે છે. હું તા. ૨૩/૯/૨૫ના રોજ એક દર્દીને લઈને આ રોડ પરથી પસાર થયો. ધૂળની ડમરી, ધુમાડા વચ્ચે પસાર થયા ટોલનાકે રૂા. ૫૦નો દંડ ટોલટેક્ષ શેનો ? ભારતની પબ્લીક આ સહન કરે છે. વાહનનો ટેક્ષ આજીવન ભરે છે. લોકોના પ્રતિનિધિઓ કયાં છે ? આવા રોડ પર ટોલટેક્ષ તો બંધ કરાવો.

---

### એસડીએમ, એએસપીની ઉપસ્થિતિમાં

## બગસરા પોલીસે ૨૧ વર્ષમાં ઝડપી લીધેલ વિદેશી દારૂનો નિકાલ કર્યો

**૧૦ ગુન્હામાં ૯૦૯ વિદેશી દારૂની બોટલ ઝડપાઈ હતી**



અમરેલી, તા. ૨૫

બગસરા પોલીસ સ્ટેશનમાં સને ૨૦૦૩ થી ૨૦૨૪ના સમયમાં મળી આવેલ કુલ–૧૦ ગુન્હાઓનો કુલ ૯૦૯ વિદેશી દારૂના મુદ્દામાલનો કોર્ટના હુકમ આધારે નાશ બગસરા પોલીસ ટીમ દ્વારા કરવામાં આવેલ હતો.

આ બનાવમાં મળતી વિગત મુજબ બગસરા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ તથા ધારીના મદદનીશ પોલીસ અધિક્ષક જયવીર ગઢવી, બગસરા પોલીસ ઈન્સપેક્ટર તથા અમરેલી નશાબંધી સુપ્રી.અધિ.ની હાજરીમાં ગત તા. ૨૩ના રોજ બગસરા પોલીસ સ્ટેશનના સને ૨૦૦૩ થી ૨૦૨૪ના મળી કુલ–૧૦ ગુન્હાઓની કુલ ૯૦૯ વિદેશી દારૂની બોટલોનો મુદ્દામાલ કિમત રૂપિયા ૨,૬૨,૮૪૯નો જયુડી. મેજી. ફ.ક. કોર્ટ બગસરાના હુકમ આધારે કાયદેસર કાર્યવાહી કરી તમામ વિદેશી દારૂનો નાશ બગસરા પોલીસ ટીમ દ્વારા કરવામાં આવેલ હતો.

---

## ધારી ખાતે ભાજપ દ્વારા નમો રકતદાન શિબિર યોજાઈ





અમરેલી, તા. ૨૫

નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિતે પ્રદેશ ભાજપની યોજના અનુસાર રાજયભરમાં સેવા પખવાડિયું ઉજવાય રહ્યું છે. જેના ભાગરૂપે જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી તેમજ આપણા વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડીયાના માર્ગદર્શન અનુસાર ધારી તાલુકા ભારતીય જનતા પાર્ટી ધ્વારા રકતદાન કેમ્પનું આયોજન જી.એન. દામાણી હાઈસ્કુલ ખાતે કરવામાં આવ્યું હતું.

જેમાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, પૂર્વ ધારાસભ્ય મનસુખભાઈ ભુવા, તાલુકા ભાજપ પ્રમુખ મૃગેશ કોટડીયા, જિલ્લા કિસાન મોરચા મહામંત્રી પરેશભાઈ પટ્ટણી, જિલ્લા બક્ષીપંચ મોરચા મહામંત્રી સુરેશભાઈ ગમારા, તાલુકા ભાજપ મહામંત્રી મુકેશભાઈ રૂપારેલિયા તથા પ્રીતેશભાઈ શિરોયા, જિલ્લા સોશિયલ મીડીયાના રિધ્ધેશ જોશી તથા ધર્મેન્દ્ર લહેરુ, તાલુકા ભાજપ ઉપપ્રમુખ કાળુભાઈ ડાભી તથા રાકેશભાઈ ડાવરા, તાલુકા મહિલા મોરચાના પ્રમુખ હીનાબેન રાવલ, તાલુકા પંચાયત સદસ્ય અનવરભાઈ લલીયા તથા નિર્મળાબેન લૂણગાતર, તાલુકા ભાજપ અગ્રણી જીગ્નેશભાઈ ગોસાઈ, તાલુકા ભાજપ મંત્રી વિજયભાઈ સાવલીયા તથા ચંદ્રેશભાઈ વાળા તથા ઉદયભાઈ ઢોલા, લઘુમતી મોરચાના નાવેદભાઈ ચૌહાણ, યુવા મોરચાના મેહુલભાઈ સોજીત્રા તથા દિનેશભાઈ બલદાણીયા તેમજ કાર્યકતાઓ ઉપસ્થિત રહ્યા હતા.


**''અમરેલી એક્સપ્રેસ''**

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

**સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭**


---

### કપાસ ચોરીનો ગુન્હો દાખલ કેમ ન કરાયો તેનો બચાવ કર્યો

## લ્યો બોલો : ચલાલા પોલીસે ખેડૂતને પોલીસ સ્ટેશન બોલાવી નિવેદન જાહેર કર્યુ

**દરેક ચોરીનાં કિસ્સામાં આવુ ન થાય તો સારૂ**

ચલાલા, તા. ૨૫

ચલાલામાં બહુ ચર્ચાસ્પદ વેપારી દ્વારા ખેડૂતના કપાસના તોલમાં ગેરરીતીના મામલામાં પોલીસે પોતાના બચાવમાં ખેડૂતોને ચલાલા પોલીસ સ્ટેશન બોલાવી અમો ફરિયાદ લેવા તૈયાર હતા અને પોલીસની કામગીરી સારી છે. અને મીડિયામા આવેલા સમાચાર પોલીસને બદનામ કરવા માટેના છે. તેવુ પોલીસે ચલાલા પોલીસ સ્ટેશને ખેડૂતોને બોલાવી ખેડુતો પાસે નિવેદન લેવડાવી તેનો વિડીયો જાહેર કરાવી સોશિયલ મીડિયામાં મૂકી પોલીસે તેની કામગીરીનો બચાવ કરેલ છે. આ વિડીયો લોકોમાં હાસ્યસ્પદ બન્યો છે. અને લોકોમાં એવી ચર્ચાઓ થતી સાંભળવા મળી છે કે કોઈપણ વ્યકિત ચોરી કરે અને તે પકડાઈ જાય. અને ચોરી કરેલી વસ્તુ પરત આપી દે એટલે તેને ગુનો નો કહેવાય..? અથવા તો તેની સામે ફરિયાદ ના કરાય? અને તેને જવા દેવાય ? પોલીસની આવી કામગીરીથી ચલાલા પંથકમાં ગુનાહિત પ્રવૃત્તિનું પ્રમાણ વધતું જશે એવું લોકોમાં ચર્ચાય રહ્યું છે. હાલમાં તો ખેડૂતો પાસે નિવેદન જારી કરાવી ચલાલા પોલીસ પ્રમાણિક છે. અને ગુન્હાની ફરિયાદ લેવામાં પોલીસે ના નથી પડી એવું સાબિત કરવાનું આ સન મેળવી રહી છે. પોલીસે તો ગુનેગારોની સામે એવી કડક કામગીરી કરવી જોઈએ કે સમાજમાં કોઈ વ્યકિત ગુનો કરતા પહેલા સો વખત વિચાર કરે. અને પોલીસની કામગીરીને આમ જનતા સો સો સલામ કરે. જનતાના હિતમાં એવી કામગીરી કરવી જોઈએ તેવી લોક ચર્ચાઓ થઈ રહીછે.

---

### ચાલો જોઈએ ભ્રષ્ટાચાર તો થતો નથી ને

## દામનગર નજીક રેલ્વે ફાટકની કામગીરીની ધારાસભ્યએ મુલાકાત લીધી

**નિયમ પ્રમાણે બાંધકામ કરવા સુચના અપાઈ**



લાઠી, તા. ૨૫

દામનગર નજીક ભુરખીયા ફાટક ખાતે બનાવાઈ રહેલા રેલ્વે ઓવરબ્રિજના નિર્માણ કાર્યનું ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા સ્થળ પર જઈને નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

આ દરમિયાન ધારાસભ્યએ કાર્યકારી એજન્સી સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી અને વર્તમાન કામગીરીની ગતિ, તેની ગુણવત્તા, તેમજ નિર્ધારિત સમય મર્યાદા અંગે માહિતી મેળવી તેમણે વાચા આપી કે 'આ ઓવરબ્રિજ દામનગર વિસ્તારમાં નાગરિકોની વર્ષો જૂની માંગ રહી છે, જેને હવે ત્વરિત અને સમયસર પૂર્ણ કરવાની જવાબદારી અમારી છે.'

ભુરખીયા ફાટક ખાતે સતત ટ્રાફિક જામ, રાહદારીઓ માટેના જોખમો તથા એમ્બ્યુલન્સ અને અન્ય આવશ્યક સેવાઓ માટે વિલંબ સર્જાતો હતો. આ ઓવરબ્રિજ પૂર્ણ થયા બાદ ટ્રાફિક સમસ્યા હલ થશે, લોકોનો સમય બચશે, વાહન વ્યવહાર વધુ સુગમ બનશે, વ્યવસાયિક પ્રવૃત્તિઓને નવી ગતિ મળશે, નજીકના ગ્રામ્ય વિસ્તારોનો પણ ફાયદો થશે, વિકાસ કાર્યોમાં પ્રતિબદ્ધતા સાથે કામગીરી કરવા સૂચના ધારાસભ્યએ સ્થળ પર ઉપસ્થિત અધિકારીઓને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, 'આ કામમાં કોઈ પણ પ્રકારની લાપરવાહી સહન કરી નહિ શકાય. સમયસર અને ગુણવત્તાયુક્ત કામ થવું ખૂબ જ આવશ્યક છે.

તેઓએ જણાવ્યુ હતું કે રાજય સરકારના માર્ગદર્શન હેઠળ લાઠી તાલુકામાં અનેક પાયાના વિકાસ કામો ચાલી રહ્યાં છે, અને દરેક કામે જનતાની સીધી હિતસંબંધિત જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને કામ થઈ રહ્યું છે.

ઓવરબ્રિજ કાર્યમાં ઝડપ લાવવાના પ્રયાસોને આવકાર આપ્યો હતો. ધારાસભ્યએ જણાવ્યું કે, 'વિકાસ એ માત્ર સરકારનું કામ નથી, પરંતુ સમાજના દરેક વ્યક્તિની જવાબદારી છે. આપ સૌનો સહયોગ રહેતો રહેશે તો આવા અનેક વિકાસકામો ઝડપથી પૂરા થઈ શકે છે.

---

### ધારાસભ્ય જનક તળાવીયાની રજુઆતથી

## અરે વાહ : બાબરાનાં મીયા ખીજડીયા ગામનાં તળાવનાં સમારકામ માટે ૩૮ લાખ મંજૂર

**સમગ્ર પંથકમાં ભુર્ગભ જળનુ સ્તર ઊંચુ આવશે**



બાબરા, તા. ૨૫

બાબરા તાલુકાના મીયા ખીજડીયા ગામમાં આવેલા તળાવના સમારકામ માટે રાજય સરકારે ૩૮ લાખનો ખર્ચ મંજૂર કર્યો છે. આ તળાવના રિપેરિંગની સૈદ્ધાંતિક મંજૂરી મળતાં સ્થાનિક લોકોમાં ખુશીનો માહોલ છે. આ કામગીરી માટે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ સતત રજૂઆતો કરી હતી.

મીયા ખીજડીયા ગામનું આ તળાવ છેલ્લા ઘણા સમયથી જર્જરિત હાલતમાં હતું. વરસાદી પાણીનો સંગ્રહ ન થવાને કારણે આસપાસના વિસ્તારમાં ભૂગર્ભજળના સ્તરમાં ઘટાડો થયો હતો. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને, લાઠી–બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ સરકારમાં અનેકવાર રજૂઆતો કરી હતી અને તેના પરિણામ સ્વરૂપે ૩૮ લાખના ખર્ચે તળાવના સમારકામ માટે સૈદ્ધાંતિક મંજૂરી મળી છે.

આ કામગીરીમાં તળાવનું નવીનીકરણ, પાળાનું સમારકામ, ઊંડું ઉતારવું અને ગેટ–રેલિંગ સહિતના કામો હાથ ધરવામાં આવશે. આ પ્રોજેકટ પૂર્ણ થવાથી પાણીનો સંગ્રહ વધશે, જેનાથી ભૂગર્ભજળનું સ્તર ઊંચું આવશે અને ખેડૂતોને પણ ફાયદો થશે. તળાવના વિકાસથી ગામની સુંદરતામાં પણ વધારો થશે અને પશુઓ માટે પણ પાણીની સુવિધા ઉપલબ્ધ થશે.

# સોનિયા ગાંધીએ વડાપ્રધાન મોદી અને નેતન્યાહૂની મિત્રતા પર ઉઠાવ્યા સવાલ

## કોંગ્રેસ સંસદીય પક્ષના વડા સોનિયા ગાંધીએ ગુરુવારે પેલેસ્ટાઈન મુદ્દા પર કેન્દ્ર સરકારના વલણની ટીકા કરી

નવી દિલ્હી, તા.૨૫

કોંગ્રેસ સંસદીય પક્ષના વડા સોનિયા ગાંધીએ ગુરુવારે (૨૫મી સપ્ટેમ્બર) પેલેસ્ટાઈન મુદ્દા પર કેન્દ્ર સરકારના વલણની ટીકા કરી હતી. તેમણે એક લેખમાં લખ્યું કે, સરકારના પગલાં મુખ્યત્ત્વે ભારતના બંધારણીય મૂલ્યો અથવા તેના વ્યૂહાત્મક હિતોને બદલે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેની વ્યક્તિગત મિત્રતા દ્વારા પ્રેરિત હોય તેવું લાગે છે.



કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ લેખ લખીને મોદી સરકારના વલણની આકરી ટીકા કરી છે. તેમણે લખ્યું કે, વ્યક્તિગત રાજદ્વારીની આ શૈલી ક્યારેય સ્વીકાર્ય નથી અને તે ભારતની વિદેશ નીતિને માર્ગદર્શન આપી શકતી નથી. વિશ્વના અન્ય ભાગોમાં ખાસ કરીને અમેરિકામાં આવું કરવાના પ્રયાસો તાજેતરના મહિનાઓમાં સૌથી દુ:ખદ અને અપમાનજનક રીતે નિષ્ફળ ગયા છે. ઈઝરાયલ-પેલેસ્ટાઈન સંઘર્ષ પર છેલ્લા કેટલાક મહિનામાં સોનિયા ગાંધીનો આ ત્રીજો લેખ છે, જે દરેક વખતે આ મુદ્દા પર મોદી સરકારના વલણની આકરી ટીકા કરે છે. સોનિયા ગાંધીએ લેખમાં લખ્યું, ભારતે લાંબા સમયથી ઈઝરાયલ-પેલેસ્ટાઈનના ગંભીર અને સંવેદનશીલ મુદ્દા પર સૈદ્ધાંતિક વલણ અપનાવ્યું છે, શાંતિ અને માનવ અધિકારોના રક્ષણ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો છે. ભારત ૧૯૭૪માં પેલેસ્ટાઈન લિબરેશન ઑર્ગેનાઈઝેશ (PLO)ને માન્યતા આપનારા પ્રથમ દેશોમાંનો એક હતો અને તેણે સતત બે-દેશ સમાધાનને ટેકો આપ્યો છે.

મોદી સરકાર પર આરોપ લગાવતા સોનિયા ગાંધીએ લખ્યું, ઑક્ટોબર ૨૦૨૩માં ઈઝરાયલ અને પેલેસ્ટાઈન વચ્ચે દુશ્મનાવટ વધી ત્યારથી છેલ્લા બે વર્ષમાં ભારતે પોતાની ભૂમિકા લગભગ છોડી દીધી છે. સાતમી ઑક્ટોબર ૨૦૨૩ના રોજ ઈઝરાયલી નાગરિકો પર થયેલા હુમલા પછી ૧૭,૦૦૦ બાળકો સહિત ૫૫,૦૦૦થી વધુ પેલેસ્ટિનિયન નાગરિકો માર્યા ગયા છે. ઈઝરાયલી સૈન્ય ખોરાક, દવા અને અન્ય સહાય જેવી આવશ્યક ચીજવસ્તુઓની ડિલિવરીમાં અવરોધ ઊભો કરી રહ્યું છે, જેના કારણે ગાઝાના લોકો દુષ્કાળ જેવી સ્થિતિમાં ધકેલાઈ ગયા છે.

બેન્જામિન નેતન્યાહૂ અને પીએમ મોદી અંગે લખ્યું કે,મોદી સરકારનું બહેરાશભર્યું મૌન માનવતા અને નૈતિકતા બંનેનો ત્યાગ દર્શાવે છે. એવું લાગે છે કે સરકારના પગલાં ભારતના બંધારણીય મૂલ્યોને બદલે ઈઝરાયલી વડાપ્રધાન અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેની વ્યક્તિગત મિત્રતાથી પ્રેરિત છે. વ્યક્તિગત વ્યૂહનીતિની આ શૈલી ક્યારેય સ્વીકાર્ય નથી અને તે ભારતની વિદેશ નીતિને માર્ગદર્શન આપી શકતી નથી.

### ચૂંટણી પંચે કર્યો મોટો ફેરફાર

# પોસ્ટલ બેલેટની ગણતરી બાદ જ EVMના વોટની ગણતરી

## બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા ચૂંટણી પંચે મોટો ફેરફાર કર્યો

નવી દિલ્હી, તા.૨૫

પોસ્ટલ બેલેટની ગણતરીને લઈને ચૂંટણી પંચે મોટો નિર્ણય કર્યો છે. બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા ચૂંટણી પંચે મોટો ફેરફાર કર્યો છે. નવા ફેરફાર હેઠળ હવે પોસ્ટલ બેલેટની ગણતરી થયા પછી જ EVM મતોની ગણતરી કરવામાં આવશે. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, EVM/VVPAT ગણતરીનો સેકન્ડ અને લાસ્ટ રાઉન્ડ પોસ્ટલ બેલેટ પૂર્ણ થયા પછી જ શરુ કરવામાં આવશે. અત્યાર સુધી પોસ્ટલ બેલેટ પહેલાં ઈફસ્ની ગણતરી થઈ શકતી હતી, પરંતુ હવે VVPAT ગણતરી પૂરી થયા પછી જ પોસ્ટલ બેલેટની ગણતરી પૂર્ણ થશે. ચાલો ચૂંટણી પંચના નિર્ણય અને પોસ્ટલ બેલેટ ગણતરી પ્રક્રિયાને કેવી રીતે વધુ સુવ્યવસ્થિત કરવામાં આવી છે તે જાણીએ.

૧. ચૂંટણી પંચે છેલ્લા છ મહિનામાં ચૂંટણી પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા અને પારદર્શિતા વધારવાના હેતુથી ૨૯ મહત્ત્વપૂર્ણ પહેલ કરી છે. પંચની ૩૦મી પહેલ તરીકે પોસ્ટલ બેલેટ ગણતરી પ્રક્રિયાને વધુ સરળ બનાવવાનો નિર્ણય કર્યો છે.

૨. મત ગણતરીના બે મુખ્ય તબક્કા છે:

- પોસ્ટલ બેલેટ/ઈલેક્ટ્રોનિકલી ટ્રાન્સમિટેડ પોસ્ટલ બેલેટ(ETPB)ની ગણતરી
- EVM દ્વારા ગણતરી

૩. ગણતરીના દિવસેઃ

- સવારે ૮:૦૦ વાગ્યે પોસ્ટલ બેલેટની ગણતરી શરુ થશે.
- EVMની ગણતરી સવારે ૮:૩૦ વાગ્યે શરુ થશે.
- પહેલાં આવુ શક્ય હતું કે, EVMની ગણતરી પોસ્ટલ બેલેટની ગણતરી પહેલા પૂરી થઈ જાય.

૪. દિવ્યાંગ અને વરિષ્ઠ નાગરિકો (૮૫ વર્ષથી વધુ વયના) માટે તાજેતરના પગલાંથી પોસ્ટલ બેલેટની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.

૫. હવે આ નિર્ણય લેવામાં આવ્યો છે કે : - પોસ્ટલ બેલેટ પૂર્ણ થયા પછી જ EVM/VVPAT ગણતરીનો બીજો અંતિમ રાઉન્ડ શરુ કરવામાં આવશે.

- આ સુનિશ્ચિત કરશે કે, ગણતરીની પ્રક્રિયા સમાન અને સ્પષ્ટ રહે.

૬. જો પોસ્ટલ બેલેટની સંખ્યા વધુ હશે, તો પૂરતાં પ્રમાણમાં ટેબલ અને સ્ટાફની વ્યવસ્થા કરવામાં આવશે, જેથી કરીને કોઈ વિલંબ ન થાય.

### પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ મોડેલઃ એક નવી પહેલ

# CBSEનો નવો પ્લાન! હવે શાળામાં જ NEET, IIT જેવી પરીક્ષાની થશે તૈયારી

## બાળકોને શાળામાં જ પૂરતું માર્ગદર્શન અને તાલીમ મળે, તો તેમને કોચિંગ પર આધાર રાખવો પડશે નહીં

નવી દિલ્હી, તા.૨૫

બાળકો શિક્ષણ અને કારકિર્દીની દોડમાં શાળા કરતાં કોચિંગ પર વધુ નિર્ભર બની રહ્યા છે. આ પરિસ્થિતિ અંગે શિક્ષણ મંત્રાલય અને CBSE બંનેએ ચિંતા વ્યક્ત કરી છે. આ સમસ્યાના નિવારણ માટે, મંત્રાલય અને બોર્ડની સમિતિઓએ નવા સૂચનો આપ્યા છે, જેથી બાળકોને શાળામાં જ અભ્યાસ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે યોગ્ય વાતાવરણ મળી શકે. આ પગલાંથી કોચિંગ પરની નિર્ભરતા ઘટશે અને બાળકો શાળામાં જ સશક્ત તૈયારી કરી શકશે.

શિક્ષણ મંત્રાલયની ઉચ્ચ સ્તરીય સમિતિ માને છે કે જો બાળકોને શાળામાં જ પૂરતું માર્ગદર્શન અને તાલીમ મળે, તો તેમને કોચિંગ પર આધાર રાખવો પડશે નહીં.

આ હેતુ માટે, પ્રોફેસર ઑફ પ્રેક્ટિસ મોડેલ શરુ કરવાનું સૂચન કરવામાં આવ્યું છે. આ મોડેલ હેઠળ, શાળાના શિક્ષકોને સ્પર્ધાત્મક પરીક્ષાઓની રણનીતિઓ માટે તાલીમ અપાશે અને ઉદ્યોગ તથા શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાતોને વિઝિટિંગ ફેકલ્ટી તરીકે બોલાવવામાં આવશે. આનાથી વિદ્યાર્થીઓ પરીક્ષાના માળખા અને તૈયારીની રણનીતિને વધુ સારી રીતે સમજી શકશે.

CBSE દ્વારા સૂચવ્યા મુજબ, શાળાઓની અંદર જ સેન્ટર ફોર ઍડ્વાન્સ સ્ટડીઝ (CAS) ખોલવામાં આવશે. આ કેન્દ્રો એવા વિદ્યાર્થીઓ માટે છે જેઓ IIT-JEE, NEET, CLAT, CUE જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા ઈચ્છે છે. અહીં ગણિત, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન, કોમ્પ્યુટર સાયન્સ, કાયદાકીય અભ્યાસ, એકાઉન્ટ્સ અને અર્થશાસ્ત્ર જેવા વિષયો માટે ખાસ ઍડ્વાન્સ ક્લાસ ચલાવવામાં આવશે.

સમિતિએ સ્પષ્ટ કર્યું છે કે CAS પસંદ કરનારા અને ન પસંદ કરનારા વિદ્યાર્થીઓ વચ્ચે કોઈ ભેદભાવ રાખવામાં આવશે નહીં. જે વિદ્યાર્થીઓ ઝછજીમાં જોડાવા ઈચ્છે છે, તેમને પ્રવેશ પહેલાં કાઉન્સેલિંગ આપવામાં આવશે અને ત્યારબાદ પ્રક્રિયા દ્વારા પ્રવેશ આપવામાં આવશે. શિક્ષણ મંત્રાલયની મંજૂરી મળ્યા પછી જ આ કેન્દ્રો શાળાઓમાં શરુ કરી શકાશે.

CBSE અનુસાર, બોર્ડ પરીક્ષાઓમાં ૫૦% પ્રશ્નો કોમ્પિટન્સી આધારિત હશે. આનો અર્થ એ છે કે વિદ્યાર્થીઓ ફક્ત ગોખણપટ્ટી કરીને નહીં, પણ કોન્સેપ્ટને ઊંડાણપૂર્વક સમજીને અને તેનો ઉપયોગ કરીને જ પાસ થઈ શકશે.

CAS માટે, વિશિષ્ટ અભ્યાસ સામગ્રી અને અસાઈનમેન્ટ્સ તૈયાર કરાશે, જે ડિજિટલ સ્વરૂપમાં પણ ઉપલબ્ધ હશે. શાળાઓ આ માટે નવા શિક્ષકોની ભરતી કરી શકે છે અથવા તેમના હાલના પ્રશિક્ષિત શિક્ષકોને નિયુક્ત કરી શકે છે. મહત્ત્વની વાત એ છે કે, CAS સંપૂર્ણપણે શાળાના પરિસરમાં અને શાળાના નિયમિત સમય દરમિયાન જ ચલાવવામાં આવશે.

CBSEએ સ્પષ્ટ કર્યું છે કે શાળાઓને કોઈપણ કોચિંગ સેન્ટર સાથે જોડાણ કરવાની મંજૂરી નથી. વધુમાં, ડમી શાળાઓની પ્રથાને રોકવા માટે પણ કડક પગલાં લેવામાં આવ્યા છે. આનો હેતુ એ છે કે વિદ્યાર્થીઓ શાળામાં રહીને જ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી શકે.

### જાડેજાને મળી મોટી જવાબદારી

# વેસ્ટ ઈન્ડિઝ સિરીઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત

## આ સિરીઝ માટે રવિન્દ્ર જાડેજાને વાઈસ-કેપ્ટન બનાવવામાં આવ્યો છે અને દેવદત્ત પડિકલની વાપસી થઈ છે

નવી દિલ્હી, તા.૨૫

વેસ્ટ ઈન્ડીઝ સામેની બે ટેસ્ટ મેચની સિરીઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી છે. આ સિરીઝ માટે રવિન્દ્ર જાડેજાને વાઈસ-કેપ્ટન બનાવવામાં આવ્યો છે. દેવદત્ત પડિકલની વાપસી થઈ છે. તો ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન રમનાર કરુણ નાયરને ટીમમાંથી બહાર કરવામાં આવ્યો છે. વેસ્ટ ઈન્ડિઝ સામેની પહેલી ટેસ્ટ ૨ ઓક્ટોબરથી અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે. બીજી ટેસ્ટ ૧૦ ઓક્ટોબરે રાજધાની દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાશે.

કરુણ નાયરને સિરીઝમાં સામેલ કરવામાં આવશે નહીં તેવી અટકળો પહેલાથી જ હતી. ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન તેનું પ્રદર્શન ખાસ પ્રભાવશાળી નહોતું અને બરાબર એવું જ થયું. અક્ષર પટેલ ઈંગ્લેન્ડ પ્રવાસ માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યો નહોતો, વેસ્ટ ઈન્ડીઝ સામેની સિરીઝમાં વાપસી કરી છે. બે ટેસ્ટ મેચની વેસ્ટ ઈન્ડીઝ સિરીઝ માટે ભારતની ટેસ્ટ ટીમમાં કોઈ મોટા ફેરફારની અપેક્ષા નહોતી. માન્ચેસ્ટરમાં ચોથી ટેસ્ટમાં પગમાં ફ્રેક્ચર થતાં વિકેટકીપર રિષભ પંત વેસ્ટ ઈન્ડીઝ સિરીઝમાંથી બહાર છે. ધ્રુવ જુરેલ તેની જગ્યાએ પ્રથમ પસંદગીના રિપ્લેસમેન્ટ તરીકે રમશે, જ્યારે તમિલનાડુના એન. જગદીશા બેકઅપ વિકેટકીપર હશે. જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ કૃષ્ણા ફાસ્ટ બોલિંગ આક્રમણનું નેતૃત્વ કરશે. કુલદીપ યાદવ સ્પિન આક્રમણનું નેતૃત્વ કરશે. રવિન્દ્ર જાડેજા, વોશિંગ્ટન સુંદર અને અક્ષર પટેલ સ્પિન ઓલરાઉન્ડરની ભૂમિકા ભજવશે.

ભારતની ૧૫ સભ્યોની ટીમ : શુભમન ગિલ (કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, કેએલ રાહુલ, સાઈ સુદર્શન, દેવદત્ત પડીક્કલ, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), રવિન્દ્ર જાડેજા (વાઈસ-કેપ્ટન), વોશિંગ્ટન સુંદર, જસપ્રિત બુમરાહ, અક્ષર પટેલ, નીતીશ કુમાર રેડ્ડી, એન જગદેસન, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ના, કુલદીપ યાદવ.

### દેશમાં મેડિકલ કોલેજો અપગ્રેડ કરાશે

# MBBS, PGની ૧૦,૦૦૦ સીટ વધારવાને કેબિનેટની મંજૂરી

## કેબિનેટ સમિતિએ રેલવેના ૧૦.૯ લાખ કર્મચારીઓ માટે ૭૮ દિવસના વેતન જેટલું ઉત્પાદકતા આધારિત બોનસને મંજૂરી આપી

નવી દિલ્હી, તા.૨૫

દેશમાં ડોક્ટરોની અછતને દૂર કરવા માટે કેન્દ્રીય કેબિનેટે બુધવારે 2028-2029ના નાણાકીય વર્ષ સુધીમાં મેડિકલ કોલેજોને અપગ્રેડ કરીને તેમાં સીટોની સંખ્યામાં 10,023નો વધારો કરવાની યોજનાને મંજૂરી આપી હતી. આ ઉપરાંત CSIRમાં રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (આર એન્ડ ડી)ને પ્રોત્સાહન આપવા માટે કેબિનેટે ડોક્ટરલ અને પોસ્ટ-ડોક્ટરલ ફેલોશિપ 2,277.397 કરોડની DSIR સ્કીમને પણ મંજૂરી આપી હતી.સરકારે જણાવ્યું હતું કે રૂ.15,034.50 કરોડના રોકાણ સાથેની આ પહેલથી 5,023 અંડરગ્રેજ્યુએટ (MBBS) અને 5,000 પોસ્ટગ્રેજ્યુએટ (PG) બેઠકોનું સર્જન થશે. આ યોજનાથી રાજ્ય અને કેન્દ્ર સરકારની હાલની મેડિકલ કોલેજો, સ્વતંત્ર પોસ્ટ-ગ્રેજ્યુએટ ઈન્સ્ટીટ્યૂટ અને સરકારી હોસ્પિટલોને અપગ્રેડ કરશે. આ યોજના દેશમાં ડોકટરો અને નિષ્ણાતોની ઉપલબ્ધતા વધારવામાં મદદ કરશે, જેનાથી પછાત વિસ્તારોમાં ગુણવત્તાયુકત આરોગ્યસંભાળ સુવિધામાં વધારો થશે. ભારતમાં હાલમાં વિશ્વમાં સૌથી વધુ 808 મેડિકલ કોલેજો છે અને આ કોલેજોમાં વાર્ષિક 123,700 MBBS બેઠકોની પ્રવેશ ક્ષમતા છે.શિપબિલ્ડિંગ ઈન્ડસ્ટ્રી માટે રૂ.69,725 કરોડના પેકેજને મંજૂરી: વિદેશી જહાજો પર નિર્ભરતામાં ઘટાડો કરવા કેન્દ્રીય કેબિનેટે શિપબિલ્ડિંગ ઈન્ડસ્ટ્રી અને મેરિટાઈમ ઈકોસિસ્ટમને ફરી જોમવંતુ બનાવવા માટે રૂ.69,725ના પેકેજને મંજૂરી આપી હતી. દેશની દરિયાઈ તાકાત પાછી મેળવવાની સરકારની યોજનાના ભાગરૂપે આ પેકેજને મંજૂરી અપાઈ છે. આ પેકેજ ચાર મુદ્દા આધારિત છે, જેમાં સ્થાનિક કેપેસિટીને મજબૂત કરવાની, લાંબા ગાળાના ફાઈનાન્સિંગમાં સુધારો કરવાની તથા ગ્રીનફિલ્ડ અને બ્રાઉનફિલ્ડ શિપયાર્ડના વિકાસને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે. આ પેકેજ હેઠળ શિપબિલ્ડિંગ ફાઈનાન્સિયલ આસિસ્ટન્સરેલવેના 10.9 લાખ કર્મચારીઓને 78 દિવસનું દિવાળી બોનસ : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ યોજાયેલી આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિએ રેલવેના 10.9 લાખ કર્મચારીઓ માટે 78 દિવસના વેતન જેટલું ઉત્પાદકતા આધારિત બોનસને મંજૂરી આપી હતી. આનાથી સરકારને રૂ.1,886 કરોડનો ખર્ચ થશે. દર વર્ષે દુર્ગા પૂજા અને દશેરાની રજાઓ પહેલાં રેલ્વે કર્મચારીઓને બોનસ ચૂકવવામાં આવે છે. આનાથી રેલવેના કર્મચારીઓને દિવાળી પહેલા મહત્તમ રૂ.17,951 બોનસ મળશે.

### રાજકોટમાં તલવાર રાસ

# રાજકોટમાં જીપ અને બાઈક પર ક્ષત્રિયાણીઓએ દેખાડ્યું શૌર્ય

## ચાલતી બાઇક પર ઊભાં રહી તલવાર ફરકાવતી અને જીપ ચલાવતી બહેનોએ મા દુર્ગાના રૂપની ઝાંખી કરાવી

રાજકોટ, તા.૨૫

નવરાત્રી માતાજીની આરાધનાનો પવિત્ર ઉત્સવ છે, જે શૌર્ય, સંસ્કૃતિ અને પરંપરાનો અનોખો સંગમ રજૂ કરે છે. રાજકોટના પેલેસ રોડ પર આવેલા રણજિત વિલાસ પેલેસના પ્રાંગણમાં ક્ષત્રિયાણીઓએ તલવાર રાસ કર્યો, જેમાં નારીશક્તિનો જીવંત પરિચય આપવામાં આવ્યો. રસોઈ બનાવતા કોમળ હાથો જ્યારે દેશ અને ધર્મની રક્ષા માટે રણચંડી બની જાય છે, તેવો અદ્ભુત નજારો અહીં જોવા મળ્યો. આ રાસ નવરાત્રિના નૃત્ય અને ભક્તિ સાથે રાજપૂત સમાજની વીર પરંપરાને પુનઃજીવિત કરે છે. રણજિત વિલાસ પેલેસ ખાતે થયેલા તલવાર રાસમાં ક્ષત્રિયાણીઓએ ચાલતી બાઈક પર ઊભાં રહી તલવાર ફરકાવીને અદ્ભુત શૌર્ય દર્શાવ્યું. આ દૃશ્ય જોઈને ઉપસ્થિતોમાં જાણે મા દુર્ગાનું સાક્ષાત સ્વરૂપ પ્રગટ થયું હોય તેવી લાગણી પેદા થઈ. રાજપૂત શૈલીમાં જીપ ચલાવતાં તલવાર રાસ પણ થયો, જે ભારતના ખમીરવંતા ઈતિહાસની ઝાંખી કરાવે છે. આ રાસ જોઈને ઘોડેસવાર વિરાંગનાઓની યાદ તાજી થઈ ગઈ, જે રાજપૂત પરંપરાની ગૌરવશાળી વારસો દર્શાવે છે. ગુજરાતના ગરબા માત્ર ત્રણ તાળી કે આધુનિક ડાન્સ સ્ટાઈલ પૂરતા મર્યાદિત નથી. દરેક પ્રાંતના ગરબાનો પોતાનો અલગ અંદાજ છે, અને રાજપૂત સમાજની બહેનો તલવાર રાસ દ્વારા પોતાની સંસ્કૃતિ અને પરંપરાને જીવંત રાખે છે. આ વર્ષે રણજિત વિલાસ પેલેસમાં ૧૦૦ જેટલી ક્ષત્રિયાણીઓએ એકસાથે તલવાર રાસ કર્યા, જેના દ્વારા હજારો દર્શકો મંત્રમુગ્ધ થઈ ગયા. આ રાસમાં તલવાર ઉપરાંત થાળી જેવા અન્ય રાસ પણ રજૂ થયા, જે રાજપૂત સમાજની વૈવિધ્યતા દર્શાવે છે.

આ અનોખું આયોજન ભાગિની ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું હતું, જે છેલ્લા ૧૬ વર્ષથી વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી છે, જેમ કે સાફા બાંધવાની તાલીમ, હેરિટેજ વોક, પર્યાવરણ જાગૃતિ અને સૈનિકો માટે ઈકો-ફ્રેન્ડલી રાખડી મોકલવી. વર્ષ ૨૦૦૬થી શરૂ થયેલી આ તલવાર રાસની પરંપરા સમય જતાં વિશાળ સ્વરૂપ ધારણ કરી ચૂકી છે. ૨૦૨૦માં હજારો ક્ષત્રિયાણીઓએ એકસાથે તલવાર રાસ રમીને વિશ્વ વિક્રમ સ્થાપ્યો હતો, જે આ પરંપરાની ભવ્યતા અને લોકપ્રિયતાને દર્શાવે છે.

રાજવી પરિવારના મહારાણી કાદમ્બરી દેવીએ જણાવ્યું કે, ‘‘રણજિત વિલાસ પેલેસમાં તલવાર રાસનું આયોજન ઘણા વર્ષોથી નિયમિત રીતે થાય છે. દર વર્ષે અમે ક્ષત્રિય સમાજની સંસ્કૃતિ અને માતાજીની આરાધનાની પરંપરા જાળવી રાખવા આ ઉત્સવ ઉજવીએ છીએ.’’ તેમણે ઉમેર્યું કે આ પરંપરા બહેનોને એકબીજાને પ્રેરણા આપવા અને સમાજને નવું કંઈક આપવાનો પ્રયાસ કરે છે. તલવાર રાસ માત્ર નૃત્ય નહીં, પરંતુ માતાજી પ્રત્યેની ભક્તિ અને ક્ષત્રિય સમાજની વીર પરંપરાનું જીવંત પ્રતીક છે.

રાજકોટનો તલવાર રાસ નવરાત્રીના ઉત્સવને માત્ર નૃત્ય અને સંગીત પૂરતો મર્યાદિત નથી રાખતો, તેમાં શૌર્ય, સંસ્કૃતિ અને પરંપરાનો સમાવેશ છે. આ રાસ ભારતના ગૌરવશાળી ઈતિહાસ અને નારીશક્તિની ઝાંખી કરાવે છે. ધારદાર તલવાર સાથે રાસ રમતી ક્ષત્રિયાણીઓ દર્શકોને ભારતની વીરાંગનાઓની યાદ અપાવે છે. આ પરંપરા નવરાત્રીના સાચા મહત્વને ઉજાગર કરે છે, જેમાં ભક્તિ, શક્તિ અને સંસ્કૃતિનું અદ્ભુત સંયોજન જોવા મળે છે.

### કોંગ્રેસ દેશના લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહી છે : મોદી

# GST સુધારાઓ ભારતની વિકાસ ગાથાને નવી ગતિ આપશે : મોદી

## કોંગ્રેસની સરકારો દરમિયાન કર લૂંટ થઈ હતી અને લોકો પર ભારે કરનો બોજ હતો : વડાપ્રધાને ઉત્તર પ્રદેશ ઇન્ટરનેશનલ ટ્રેડ શો (UPITS) નું ઉદ્ઘાટન કર્યું

નવી દિલ્હી, તા.૨૫

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુરુવારે GST દર ઘટાડાના મુદ્દા પર જનતાને ગેરમાર્ગે દોરવા બદલ કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પક્ષો પર નિશાન સાધ્યું હતું. પ્રધાનમંત્રીએ કહ્યું કે ટૂથપેસ્ટથી લઈને ટ્રેક્ટર સુધીના ભાવ પર લોકો માટે કરનો બોજ ઘટાડવામાં આવ્યો છે. તેમણે એમ પણ કહ્યું કે કોંગ્રેસની આગેવાની હેઠળની સરકારો દરમિયાન, "કર લૂંટ" થઈ હતી અને લોકો પર ભારે કરનો બોજ હતો. ઉત્તર પ્રદેશ ઈન્ટરનેશનલ ટ્રેડ શો (UPITS) નું ઉદ્ઘાટન કર્યા પછી પ્રધાનમંત્રીએ કહ્યું કે આગામી પેઢીના ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) સુધારાઓ માત્ર ત્રણ દિવસ પહેલા (૨૨ સપ્ટેમ્બર) લાગુ કરવામાં આવ્યા હતા.

પ્રધાનમંત્રી નરેંદ્ર મોદીએ કહ્યું કે આ એક "માળખાકીય પરિવર્તન" છે. "આ ભારતની વિકાસ ગાથાને નવી ગતિ આપશે," તેમણે કહ્યું આ સુધારાઓ GST નોંધણીને સરળ બનાવશે, કર વિવાદો ઘટાડશે અને MSME માટે રિફંડ ઝડપી બનાવશે, જેનાથી દરેક ક્ષેત્રને ફાયદો થશે.

પ્રધાનમંત્રી મોદીએ વધુમાં કહ્યું કે, "આમ છતાં, કેટલાક રાજકીય પક્ષો દેશના લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે. કોંગ્રેસ અને તેના સાથી પક્ષો જેઓ ૨૦૧૪ પહેલા સત્તામાં હતા તેઓ તેમની સરકારની નિષ્ફળતાઓ છુપાવવા માટે જનતાને ખોટું બોલી રહ્યા છે." સ મોદીએ કહ્યું, "સત્ય એ છે કે કોંગ્રેસ સરકારો દરમિયાન, કર દ્વારા મોટા પાયે લૂંટ કરવામાં આવી હતી અને લૂંટાયેલા પૈસા વધુ લૂંટવામાં આવ્યા હતા. દેશનો સામાન્ય નાગરિક કરના બોજથી પીડાઈ રહ્યો હતો."

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, તેમની સરકારે કરમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે, ફુગાવાને નિયંત્રિત કર્યો છે અને આવક અને બચત બંનેમાં વધારો કર્યો છે. તેમણે કહ્યું કે રૂપિયા૧૨ લાખ સુધીની આવકને કરમાંથી મુક્તિ આપીને અને નવા GST સુધારાઓ લાગુ કરીને નાગરિકો ફક્ત આ વર્ષે જ રૂ.૨.૫ લાખ કરોડ બચાવશે. પીએમ મોદીએ કહ્યું કે દેશ GST બચત ઉત્સવ ઉજવી રહ્યો છે.પ્રધાનમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે GST ના હિસ્સેદારોએ ત્રણ અલગ અલગ તબક્કા જોયા છે : GST પહેલા, GST પછી, અને હવે આગામી પેઢીના GST સુધારા. આ સમયગાળા દરમિયાન, GST માળખામાં નોંધપાત્ર ફેરફારો થયા છે. વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે ૨૦૧૪ પહેલા, ઊંચા કરના બોજને કારણે વ્યવસાયિક ખર્ચ અને ઘરગથ્થુ બજેટ બંનેનું સંચાલન કરવું મુશ્કેલ બન્યું હતું. તેમણે નોંધ્યું હતું કે ૨૦૧૪ પહેલા, રૂ.૧,૦૦૦ ની કિંમતના શર્ટ પર આશરે રૂપિયા૧૭૦ નો કર લાગતો હતો. ૨૦૧૭ માં GST લાગુ થયા પછી, આ કર ઘટાડીને ૫૦ કરવામાં આવ્યો હતો. ૨૨ સપ્ટેમ્બરથી સુધારેલા દરો અમલમાં આવતા વ્યક્તિઓએ હવે રૂ.૧,૦૦૦ ના શર્ટ પર ફક્ત રૂ.૩૫ નો કર ચૂકવવો પડશે.

પીએમ મોદીએ સ્વદેશી પર ભાર આપતાં કહ્યું કે, ભારતને આત્મનિર્ભર બનાવવું જ પડશે. દરેક એવી પ્રોડક્ટ જે આપણે ભારતમાં બનાવી શકીએ, તે આપણે ભારતમાં જ બનાવવી છે. તેમણે કહ્યું કે ભારતમાં અમે એક વાઈબ્રન્ટ ડિફેન્સ સેક્ટર વિકસાવી રહ્યા છીએ. દરેક પાર્ટ્સ પર મેડ ઈન ઈન્ડિયાની છાપ હોય, એવી અમે ઈકોસિસ્ટમ બનાવી રહ્યા છીએ.

### લદાખ હિંસા મુદ્દે કેજરીવાલના કેન્દ્ર પર પ્રહાર

# ભાજપ સત્તાના નશામાં આવી લોકોનો અવાજ દબાવી રહી છે

## લદાખના લોકોનો સાથ આપવો જોઈએ : કેજરીવાલ

નવી દિલ્હી, તા.૨૫

લદાખમાં થયેલી હિંસા મુદ્દે આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું છે કે, ભાજપ સત્તાના નશામાં આવીને લોકોનો અવાજ દબાવી રહી છે. વાસ્તવમાં લદાખને રાજ્યનો દરજ્જો આપવા તેમજ બંધારણની છઠ્ઠી અનુસૂચિમાં સમાવવાની માંગ મુદ્દે હજારો યુવાઓ બુધવારે રસ્તા ઉપર આવી ગયા હતા, જેના કારણે લેહમાં બુધવારે ભારે હિંસા થઈ હતી. આ દરમિયાન પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે ભારે ઘર્ષણ થયું હતું. ભાજપ કાર્યાલયને આંગ ચાપવાની સાથે અનેક વાહનો પણ સળગાવાયા હતા. ઘટનામાં ચાર લોકોના મોત અને ૪૦ સુરક્ષા કર્મચારીઓ સહિત ૭૦ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટનામાં રાજકીય ગરમાવો શરૂ થઈ ગયો છે. દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે આ ઘટનાને અત્યંત ચિંતાજનક ગણાવી છે. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા લખ્યું, ‘દરેક સાચા દેશભક્તે લદાખના લોકોનો સાથ આપવો જોઈએ. આપણે અંગ્રેજો પાસેથી એટલા માટે આઝાદી નહોતી લીધી કે જનતા અંગ્રેજોને બદલે ભાજપની ગુલામ બની જાય.’

તેમણે કહ્યું કે, ‘લોકશાહી માટે ભગત સિંહ, ચંદ્રશેખર આઝાદ જેવા ક્રાંતિકારિઓએ બલિદાન આપ્યું હતું. જેના કારણે દરેક ભારતીયોને પોતાની સરકાર પસંદ કરવાનો અધિકાર મળ્યો, જોકે આજે ભાજપ સત્તાના નશામાં એક પછી એક રાજ્યોને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવી રહી છે અને બંધારણ દ્વારા આપવામાં આવેલા અધિકારો છીનવી રહી છે.’

તેમણે વધુમાં લખ્યું છે કે, ‘લદાખના લોકો શું માંગી રહ્યા છે? તેઓ ફક્ત પોતાના વોટનો અધિકાર, સરકાર ચૂંટવાનો અધિકાર માંગી રહ્યા છે. પરંતુ ભાજપ તેમનો અવાજ દબાવી રહી છે. વારંવાર વચનો આપવા છતાં તેમને વોટનો અધિકાર આપી રહી નથી. લોકશાહી પ્રજાનો અવાજ છે અને જ્યારે સરકાર તે અવાજ દબાવે તો પ્રજાનું કર્તવ્ય છે કે, તેઓ પોતાનો અવાજ બંલુદ કરે. દેશની લોકશાહીને બચાવવી હોય તો આ તાનાશાહી વિરુદ્ધ ચૂપ ન બેસાય. આજે લદાખની લડાઈ, આવતીકાલે આખા દેશની લડાઈ બની શકે છે.’

CPI (M) અને CPI (ML) લિબરેશન સહિતના ડાબેરી પક્ષોએ હિંસા માટે ભાજપની નેતૃત્વવાળી સરકારને જવાબદાર ઠેરવી છે. તેમણે આરોપ લગાવ્યો કે, સરકારે લોકશાહી માંગણીઓને સતત અવગણી રહી છે અને દમન કરી રહી છે, જેના કારણે આ સંકટ ઊભું થયું છે. સીપીઆઈ (એમ)ના નેતા એમ.એ.બેબીએ ભાજપ પર લેહ-ત્રિપુરાના લોકોને દગો આપ્યો હોવાનો આક્ષેપ કર્યો છે. તેમણે કહ્યું કે, ‘આ હિંસા લોકોની હતાશાનું પરિણામ છે.’

### સીઆર પાટિલ અને કેશવ પ્રસાદ મૌર્યને જવાબદારી

# ભાજપે બિહાર અને બંગાળ ચૂંટણી માટે પ્રભારીઓની કરી જાહેરાત

## પાર્ટીએ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને બિહાર ચૂંટણી માટે પ્રભારી તરીકે નિયુક્ત કર્યા છે, મહત્વપૂર્ણ જવાબદારી સોંપી

નવી દિલ્હી, તા.૨૫

બિહાર ચૂંટણીની તારીખો હજુ જાહેર કરવામાં આવી નથી, પરંતુ તમામ પક્ષો સંપૂર્ણ રીતે તૈયાર છે. આ દરમિયાન, ભારતીય જનતા પાર્ટીએ ગુરુવારે (૨૫ સપ્ટેમ્બર) એક મોટી જાહેરાત કરી. ભાજપે બિહાર અને પશ્ચિમ બંગાળ ચૂંટણી માટે પ્રભારીઓની જાહેરાત કરી છે. પાર્ટીએ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને બિહાર ચૂંટણી માટે પ્રભારી તરીકે નિયુક્ત કર્યા છે, તેમને મહત્વપૂર્ણ જવાબદારી સોંપી છે. ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય અને કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવને પણ મહત્વપૂર્ણ જવાબદારીઓ સોંપવામાં આવી છે.



ભાજપે સીઆર પાટિલ અને કેશવ પ્રસાદ મૌર્યને બિહાર ચૂંટણી માટે સહ-પ્રભારી તરીકે નિયુક્ત કર્યા છે. કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ બંગાળ ચૂંટણીમાં મુખ્ય ભૂમિકા ભજવશે. તેમને પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે બિપ્લબ દેબને સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તમિલનાડુ વિધાનસભા ચૂંટણી માટે, વૈજયંત જયપંડાને ચૂંટણી પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, અને મુરલીધર મહેલને ચૂંટણી સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

આ વખતે, બિહારની ચૂંટણી NDA અને મહાગઠબંધન વચ્ચે સ્પર્ધા હશે. ધર્મેન્દ્ર પ્રધાનની વાત કરીએ તો, તેમણે ઘણી વખત મહત્વપૂર્ણ પક્ષની જવાબદારીઓ નિભાવી છે. તેમને ઉત્તર પ્રદેશ અને કર્ણાટક જેવા રાજ્યોમાં મહત્વપૂર્ણ ચૂંટણી જવાબદારીઓ સોંપવામાં આવી છે. ધર્મેન્દ્ર પ્રધાનની વ્યૂહાત્મક કુશળતા અને સંગઠનાત્મક ક્ષમતાઓ બિહારમાં NDA માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. તેઓ ઓડિશાના છે અને તેમની પાસે મજબૂત વ્યૂહાત્મક સમજ છે.

પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસની મજબૂત પકડ છે. TMCના ગઢને હચમચાવવું કોઈપણ પક્ષ માટે સરળ રહેશે નહીં. આવી સ્થિતિમાં, ભાજપને કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ પાસેથી ઘણી આશાઓ રહેશે. યાદવ પાસે સારો સંગઠનાત્મક અનુભવ છે. બંગાળમાં ચૂંટણી ૨૦૨૬ માં થવાની છે, જેનાથી તેમને તૈયારી માટે સમય મળશે.

ભાજપે ઓડિશાના સાંસદ બૈજયંત પાંડાને તમિલનાડુ માટે ચૂંટણી પ્રભારી તરીકે નિયુક્ત કર્યા છે. તમિલનાડુમાં પણ ૨૦૨૬માં ચૂંટણી યોજાશે. ભાજપ આવતા વર્ષે ચૂંટણી પહેલા DMK-AIADMK સાથે ગઠબંધનની શક્યતાઓ પર કામ કરી શકે છે.

# સાવરકુંડલા શહેરમાં નવલાં નવરાત્રિ પર્વની અનોખી ઉજવણી કરવામાં આવે છે



સાવરકુંડલા શહેરમાં નવલાં નવરાત્રી પર્વની અનોખી ઉજવણી કરવામાં આવે છે. આમ ગણીએ તો સાવરકુંડલાના લોકોની ગણતરી ધાર્મિક અને સાંસ્કૃતિક ધરોહરનુંજતન કરતાંલોકોમાં કરવામાં આવેછે. અહીં માત્ર નવરાત્રી જ નહિ, રામનવમી, કૃષ્ણ જન્મોત્સવ, હોળી, ધૂળેટી, દીવાળી, ઉતરાયણ જેવાં તમામ પર્વો પૂર્ણ ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવવામાં આવે છે. હાલ નવરાત્રિ પર્વ હોઈ સાવરકુંડલા શહેરની વાત કરીએ તો વિવિધ ગરબી મંડળો દ્વારા શહેરમાં માતાજીની આકર્ષક મૂર્તિઓ ભાવિકોના દર્શનાર્થે બનાવવામાં આવે છે. આ સંદર્ભે વાત કરીએ તો સાવરકુંડલા ખાતે મેલડી ચોક ખાતે ભગતસિંહ યુવા ગ્રુપ દ્વારા મેલડી માતાજીની પૂર્ણ કદની મૂર્તિ દર્શનાર્થે મૂકવામાં આવી છે. તો સર્વોદય નગર ખાતે આશાપુરા માતાજીની મૂર્તિના દર્શનાર્થે લોકો ઉમટી પડતાં જોવા મળે છે. તો મણીભાઈ ચોકમાં મહાકાળીમાતાનીમૂર્તિનાદર્શનકરીલોકો ધન્યતા અનુભવે છે. તો પોપટ બોઘાની શેરીમાં બહુચર માતાજીની હલનચલન વાળી મૂર્તિના દર્શન કરવા એક અનોખો લ્હાવો ગણાય. ઝીંઝુડા ગેઈટ વિસ્તારમાં શિવજીની પ્રતિમાના અદભુત દર્શન થાય છે. તો ગોંદરા વિસ્તારમાં મચ્છુ માતાના દર્શન કરી લોકો ધન્યતા અનુભવે છે. હવે વાત કરીએ દેવળા પોલીસ ચોકી પાસે આવેલ કૃષ્ણ ગૌશાળા ખાતે પણ ઓપરેશન સિંદૂરની થીમને લક્ષમાં રાખીને એક અદભૂત કૃતિ તૈયાર કરવામાં આવી છે. સર્વોદયનગર ખાતે આવેલ જય ખોડીયાર બાળ મંડળ દ્વારા પ્રાચીન સંસ્કૃતિના રાસગરબા નિહાળવા માટે લોકો દૂર દૂરથી આવે છે. આ રાસ મંડળના રાસ ગરબા ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત, પૂર્વસાંસદ નારણભાઈ કાછડિયા સમેત અનેક રાજકીય સામાજિક મહાનુભાવો નિહાળી અને તેની કલાને બિરદાવી ચૂકયા છે. છેલ્લા પંચોતેર વર્ષથી આ ગરબી મંડળની સભ્યતા અને સંસ્કૃતિ એકધારી જળવાઈ રહી છે. આ ગરબી મંડળના આયોજક કનુભાઈ સહિત તમામ સભ્યો ગરબી મંડળના તમામ સભ્યોને પ્રાચીન રસની પૂર્ણ તાલીમ સાથે તૈયાર કરે છે. સાવરકુંડલા શહેરમાં વિવિધ જ્ઞાતિ મંડળો દ્વારા પણ પોતાની જ્ઞાતિના ભાવિકો માટે ખાસ રાસ ગરબાનું આયોજન કરવામાં આવે છે. એકંદરે આ નવલાં નવરાત્રી દરમિયાન સાવરકુંડલાની ભાતીગળ સંસ્કૃતિના દર્શન ઠેર ઠેર જોવા મળે છે.

### પાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસરની ઉપસ્થિતિમાં

## અમરેલી ખાતે સ્ટ્રીટ વેન્ડર્સને ફુડ સેફટી અંગે તથા જાગૃતતા તાલીમ અપાઈ

### ફેરિયાઓને ખોરાકની ગુણવતા અને સ્વચ્છતા રાખવા જણાવાયુ




અમરેલી, તા. ૨૫

અમરેલી પાલિકાના ટાઉન હોલ, ખાતે ફુડ સ્ટ્રીટ વેન્ડર્સને એફએસએસએઆઈ ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ધ્વારા ફુડ સેફટી અંગેની તથા જાગૃતતા માટે તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ જેમાં અમરેલી શહેરી વિસ્તારના ૨૦૦ સ્ટ્રીટ ફુડ વેન્ડરો તાલીમમાં હાજરી આપી.

આ પ્રસંગે અમરેલી પાલિકાના પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, ચીફ ઓફીસર વિનોદભાઈ રાઠોડ તેમજ કારોબારી ચેરમેન મનીષભાઈ ધરજીયા તેમજ નગરપાલીકાના સદસ્યઓ તથા જિલ્લા ખોરાક અને ઔષધિ નિયમન તંત્રના ફુડ સેફટી ઓફીસર કલસરીયા અને એફએસએસએઆઈ ધ્વારા નિમાયેલી સંસ્થા એ.ટી.આર. લેબોરેટરી તરફથી ટ્રેનર અજય બારેલા તથા મિશન મેનેજર ડે–એન.યુ.એલ.એમ. વિરલભાઈ ગોપાલકા તથા પાર્થભાઈ ધકાણ તથા સમાજ સંગઠક જયદીપભાઈ દવેરા તથા મિલનભાઈ ચાવડા ઉપસ્થિત રહયા હતા તથા વેન્ડરોની રજીસ્ટ્રેશનની કામગીરી પ્રીયાશુભાઈ ઠાકરે નિભાવેલ હતી. કાર્યક્રમનું પ્રારંભીક ઉદ્‌બોધન ચીફ ઓફીસર દ્વારા કરવામાં આવેલ તેમજ કાર્યક્રમની હેતુ તેમજ રૂપરેખાની જાણકારી ફુડ સેફટી ઓફીસર દ્વારા આપવામાં આવેલ હતી. એફએસએસએઆઈનાં ટ્રેનર દ્વારા તમામ સ્ટ્રીટ ફૂડ ફેરિયાઓને ખોરાક માટે સ્વચ્છતા અને સલામતી અપનાવે તે માટેનું પ્રેઝન્ટેશન દ્વારા સમજ આપવામાં આવેલ. મિશનના સમાજ સંગઠક જયદીપભાઈ દવેરા દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવેલ હતું. તેમજ મિશન મેનેજર ડે–એન.યુ.એલ.એમ. વિરલભાઈ ગોપાલકા દ્વારા PM SVANidhi ૨.૦ તથા સરકારની અન્ય યોજનાઓ વિષે હાજર રહેલા ફેરિયાઓને માહિતીગાર કરવામાં આવ્યા હતા.

### નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ

## કુંકાવાવના દેવગામ ખાતે સ્વચ્છોત્સવમાં સહભાગી બની મહાશ્રમદાન કર્યું

### આગેવાનો અને ગ્રામજનોએ સ્વચ્છતા માટે પણ કર્યો સંકલ્પ



અમરેલી, તા.૨૫

"સ્વચ્છતા હી સેવા અભિયાન–૨૦૨૫" અંતર્ગત ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ કુંકાવાવના તાલુકાના દેવગામ ખાતે સ્વચ્છોત્સવમાં સહભાગી બની ગ્રામજનો સાથે મહાશ્રમદાન કર્યુંહતું.

આ સાથે કર્મભૂમિ ડેવલોપમેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી સર્વરોગ નિદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેનો પણ ગ્રામજનોએ લાભ લીધો હતો. દેવગામ ખાતે તાલુકા પંચાયતના પ્રમુખ, સદસ્યો સહિતના હોદ્દેદારો ઉપરાંત સરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો સ્વચ્છ ભારત મિશન–ગ્રામીણનો સ્ટાફ સહિત ગ્રામજનો સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા અને સ્વચ્છતા માટેના શપથ પણ લીધા હતાં. આ તકે અગ્રણીઓ અને ગ્રામજનો સાથે મળીને ગામના રામજી મંદિર, જાહેર માર્ગો અને સ્થળોની સાફ સફાઈ કરી મહાશ્રમદાન કર્યું હતું.

## પ્રકૃતિના ખોળે શૈશવના વધામણા



સાવરકુંડલા, તા. ૨૫

ભારતીય સંસ્કૃતિના ઓરિજિનલ મિજાજ સમા પ્રાકૃતિક સૌદર્ય સભર એ વડલા, આંબલી, પીપળીના વૃક્ષોના સંગે શૈશવને ઝૂલાવવા માટેનું વાતાવરણ પ્રદાન કરવા કાજે ઘણા વાલીગણ પોતાને મળતી કોર્પોરેટ વર્લ્ડમાં મળતી તકોને છોડી અર્ધ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વસવાટ કરતાં જોવા મળે છે.

લુપ્ત થતાં એ પ્રાકૃતિક ખેલનું સૌદર્ય આજના ડીજીટલ હાઈટેક યુગમાં જાણે લુપ્ત થતુ જોવા મળે છે. એવી ક્ષણોમાં હજુ પણ અમુક વાલી વર્ગ એવી દ્રઢ વિચારધારા ધરાવે છે કે એ લુપ્ત થઈ રહેલી સભ્યતા અને સંસ્કૃતિના જતન માટે મહાનગરોનો ત્યાગ કરી સેમી અર્બન શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં વડલા, પીપળા, આંબલી, લીમડા જેવાં વૃક્ષોના સાનિધ્ય સાથે મંદિરોમાં પોતાના બાળકોને ઈશ્વરના સામીપ્યની અનુભૂતિ કરાવવા માટે પણ નમ્ર પ્રયાસ કરે છે.

આમ ધર્મનો ખરો અર્થ તો માનવીને ખરાં અર્થમાં માનવ બનાવવો એ જ હોય શકે. હા, જગતમાં ખાલી વાતો કર્યે કશું નથી વળવાનું આ માટે પ્રકૃતિના સામીપ્ય માટે શહેર અને કોર્પોરેટ વર્લ્ડની ઝાકમઝોળના પ્રલોભનો ત્યજવા માટે સતત તૈયાર રહેવું પડશે. આજે વાત કરવી છે એવાં સમુદાયની જે પોતાને મેગા સિટીમાં મળતી નોકરીઓ કે વ્યવસાયને ઠુકરાવી અર્ધ શહેરી કે ગ્રામ્ય વિસ્તારોમાં પોતાનો વ્યવસાય કે નોકરી કરતાં જોવા મળે છે.

જેનો મુખ્ય ઉદેશ્ય પોતાના સંતાનોને ભારતીય સંસ્કૃતિની ઝાંખી સાથે ભારતીય સંસ્કૃતિની પરંપરાના સંસ્કારનું સિંચન કરવું વગેરે હોય છે. આજે એક ખરા અર્થમાં ગ્રામ્ય સંસ્કૃતિના રંગે રંગાયેલ એક સન્નારી દ્વારા જણાવવામાં આવ્યું કે પોતાના સંતાનો આ ડીઝીટલ વર્લ્ડના ભોગ ન બને એટલા ખાતર જ પોતાની પાસે ફોન પણ કિપેડ વાળો સાદો મોબાઈલ ફોન રાખે છે.

ટચસ્કીનવાળા મોબાઈલથી પોતાના સંતાનોના ઉછેર માટે સંપૂર્ણ દૂર રહે છે. આમ પ્રાકૃતિક સૌદર્યના સાનિધ્યને સેવા માટે શહેરની કૃતિમતાના એ આંખને આંજી નાખે તેવા વાતાવરણથી પીછો છોડાવીએ તો જ પ્રાકૃતિક સંપદાને મન ભરીને માણી શકાય. પ્રસ્તુત તસ્વીરમાં એક મંદિરના ચોગાનમાં વડલાના ડાળે ઝૂલતું એ શૈશવનું અદભૂત દ્રશ્ય પત્રકાર બિપીનભાઈ પાંધીના કેમેરામાં કેદ થયેલું જોવા મળે છે.

### કરોડો રૂપિયાનો ખર્ચ થયો છતાં યોગ્ય પરિણામ ન મળ્યુ

## ગુજરાતમાં મોદી મોડેલનાં ૩૦ વર્ષ પછી પણ કુપોષણનું લાંછન જોવા મળી રહયુ છે : કોંગ્રેસ

### ૧૦માંથી ૫ આદિવાસી જિલ્લામાં બાળકો કુપોષિત



અમરેલી, તા.૨૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ અમિતભાઈ ચાવડાએ ICDS પ્રોગ્રામને લઈને પ્રેસ સંબોધિત કરતા જણાવ્યું કે તાજેતરમાં કેગનો અહેવાલ સામે આવ્યો જેમાં મોદી મોડેલ તરીકે આખા દેશમાં પબ્લિસિટી અને વાહવાહી કરવામાં આવે છે એ મોદી મોડેલના ગુજરાત સરકારના શાશનના ત્રણ દાયકા પછી પણ ગુજરાતમાં ICDS કાર્યક્રમ ચાલે છે દર વર્ષે પ્રજાના ટેક્ષમાં કરોડો રૂપિયા એની પાછળ ખર્ચ કરવા છતાં આટલા વર્ષો પછી કુપોષણનું લાંછન આપણા સૌના ગુજરાતના માથે છે.

હમણાં જ ICDSનો જે સર્વે આવ્યો એ મુજબ આખા દેશમાં જે સૌથી કુપોષિત જિલ્લાઓની યાદી આવી ૧૦ જિલ્લાઓની યાદીમાંથી ૫ જિલ્લાઓ આપણા ગુજરાતના છે અને એમાં પણ ડાંગ, પંચમહાલ, નર્મદા અને દાહોદ જેવા આદિવાસી વિસ્તારના જિલ્લાઓ મોટાભાગે એટલે એવું ચોક્કસ કેવાય કે કરોડો રૂપિયાના ખર્ચ પછી પણ ગુજરાત સરકારની અસંવેદન શીલતાના કારણે એની નિષ્ફળતાના કારણે આજે આખા દેશમાં આપણે નીચા જોવાપણું થાય છે. આટલા વર્ષોના શાસન બાદ જે વસ્તીના પ્રમાણમાં આંગણવાડી કેન્દ્રો હોવા જોઈએ વસ્તીના પ્રમાણમાં જે બાળકો છે એના આ ICDS પ્રોગ્રામનો લાભ મળવો જોઈએ એ લાભ આપવામાં પણ આ સરકાર નિષ્ફળ રહી છે એવું કેગે સ્પષ્ટ રીતે નોંધ્યું છે.

એક તરફ વિકાસની વાત કરીએ ગુજરાતમાં આજે પૂરતા આંગણવાડી કેન્દ્રો તો નથી અને પણ જે કેન્દ્રો છે એમાંથી પણ કેટલાય કેન્દ્રોને ભાડાના મકાનમાં બેસવું પડે છે, કેટલાય આંગણવાડી કેન્દ્રો જર્જરિત હાલતમાં છે બાળકોને એમાં રિસ્ક લઈને બેસવું પડે છે. આંગણવાડી કેન્દ્રોમાં પુરતી ટોયલેટની વ્યવસ્થા નથી, પીવાના પાણીની વ્યવસ્થા નથી, લાઈટની વ્યવસ્થા નથી.

એક બાજુ પીવાના પાણી, લાઈટની વ્યવસ્થા ન હોય એમ છતાં રાજય સરકારે કરોડો રૂપિયાના RO મશીન ખરીદી કેન્દ્રને આપ્યા છે એવું કેગે સ્પષ્ટ નોંધ્યું છે. ખાલી ખરીદી કરીને ભ્રષ્ટાચાર કરવામાં સરકારને રસ છે પણ લાઈટ પાણીની વ્યવસ્થા કરવામાં સરકારને રસ નથી. એકબાજુ ઉત્સવો હોય તાયફા હોય સરકારી કાર્યક્રમમાં ભીડ ભેગી કરવાની હોય કે પોતાના રાજકીય એજન્ડાઓની વાત કરવાની હોય ત્યારે આંગણવાડી કેન્દ્રની બહેનોને ટાર્ગેટ આપવામાં આવે, બસો ભરીને લાવો આટલી બહેનો લઈને આવો. પણ જયારે હાઈકોર્ટે કે તેમ છતાં એને પૂરતો પગાર આપવાની વાત હોય ત્યારે સરકાર એના માટે ગંભીર નથી.

એકબાજુ પૂરતા પ્રમાણમાં કેન્દ્રો નહોય, પૂરતા પ્રમાણમાં બાળકોને એનો લાભ ન આપી શકતા હોય, એને લાઈટ, પાણી, સારા મકાનોની વ્યવસ્થા ન હોય, આંગણવાડી કેન્દ્રમાં જે બહેનો – આંગણવાડી વર્કર અને હેલ્પર બહેન–એને હાઈકોર્ટના કીધા પછી પણ પૂરતો પગાર આપવામાં આવતો નથી.

કેગ દ્વારા આ બધી બાબતોને ખૂબ ગંભીરતાથી નોંધવામાં આવી છે અને એજ દર્શાવે છે કે સરકાર ૩ દાયકાના શાસન પછી કુપોષણ દૂર કરવા માટે ગંભીર નથી અને કરોડો રૂપિયાના ખર્ચ પછી સરકાર આમ સંપૂર્ણ નિષફળ હોય એવું દેખાઈ રહ્યું છે.

કોંગ્રેસ પક્ષની માંગણી : આંગણવાડી બહેનો જેને તમે માતા યશોદાના એવોર્ડ આપો છો અને માતા યશોદા બનીને બાળકોની સંભાળ રાખે છે, ધાત્રી બહેનોની સંભાળ રાખે છે, કુપોષણ દૂર કરતા હોય છે એમના અધિકારોનો સ્વીકાર કરવો જોઈએ.

વર્ષો પછીની લડાઈ બાદ નામદાર હાઈકોર્ટે જે કીધું છે એ મુજબ એમને પૂરેપૂરો પગાર અને એમની માંગણીઓનો ત્વરિત સ્વીકાર કરવો જોઈએ.

વસ્તીના પ્રમાણમાં આંગણવાડી કેન્દ્રો ખોલવામાં આવે. આજે પણ લગભગ ૨૦ ટકા બાળકો આ કાર્યક્રમનો લાભ લઈ શકતા નથી તેથી ૧૦૦ ટકા બાળકોને લાભ મળે તે માટે તાત્કાલિક વ્યવસ્થા કરવી જોઈએ.

જેટલા આંગણવાડી કેન્દ્રો ભાડાના મકાનમાં અને જર્જરિત છે તે તમામને આવતા બજેટ પહેલાં સમાવેશ કરી નવા સારા મકાનોમાં ચલાવવામાં આવે. લાઈટ, પાણી, ટોયલેટની સંપૂર્ણ વ્યવસ્થા ઉભી કરવામાં આવે. પ્રજાના કરોડો ટેક્ષના પૈસાનો ભ્રષ્ટાચાર રોકવામાં આવે. એકબાજુ આ કાર્યક્રમોથી સફળતા મળવાને બદલે ભાજપના મળતીયા અધિકારીઓ તંદુરસ્ત થઈ ગયા, પણ ગુજરાતનું બાળક તો કુપોષિત રહ્યું. ખાસ કરીને ગરીબ અને આદિવાસી વિસ્તારોમાં કુપોષણનું દુષણ દૂર કરવા માટે સરકાર તાત્કાલિક કાર્યવાહી કરે. જો આટલા વર્ષોના વહીવટ પછી પણ કુપોષણનું દુષણ દૂર ન થાય તો સરકાર સંપૂર્ણ જવાબદાર છે અને નિષ્ફળ સાબિત થઈ છે.

# અમરેલી જિલ્લામાં રાજકીય આગેવાનોની ઉપસ્થિતિમાં સ્વચ્છતા અભિયાન યોજાયુ






કુંકાવાવ દેવગામ ખાતે નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાએ સ્વચ્છોત્સવમાં સહભાગી બની શ્રમદાન કર્યુ. બાબરા તાલુકાની ચરખા ગ્રામ પંચાયત ખાતે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની ઉપસ્થિતિમાં શ્રમદાન દિવસની ઉજવણીના ભાગરૂપે સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરી ગ્રામ સફાઈ કરવામાં આવેલ. જેમાં જિલ્લા કક્ષાએથી જિલ્લા વિકાસ અધિકારી, નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, જિલ્લા કો–ઓર્ડીનેટર, એસબીએમજી પણ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવેલ. ખાંભા તાલુકાની ભાડ ગ્રામ પંચાયત સ્વચ્છતા હી સેવા ૨૦૨૫ના કેલેન્ડર મુજબની આજની મુખ્ય થીમ શ્રમદાનના ભાગરૂપે ધારાસભ્ય જે.વી. કાકડીયાની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ. સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે સ્વચ્છતા હિ સેવા ૨૦૨૫ અંતર્ગત ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં શ્રમદાન દિવસની ઉજવણી કરી સ્વચ્છતાના શપથ સાથે શ્રમદાન થકી સમગ્ર ગામમાં સફાઈ ઝુંબેશ હાથ ધરી ગામને સ્વચ્છ, સ્વસ્થ અને હરિયાળુ બનાવી ગામને એક સ્વચ્છતાનો સંદેશ આપેલ. આ ઉપરાંત અમરેલી તાલુકાના પીપળલગ, બગસરા તાલુકાના ખારી, ધારી તાલુકાના પાણીયાદેવ, જાફરાબાદ તાલુકાના વારાહસ્વરૂપ, લાઠી તાલુકાના તાજપર, લીલીયા તાલુકાના લોકા તથા રાજુલા તાલુકાના ખાખબાઈ ગામમાં પણ તાલુકા પંચાયતના પ્રમુખ, તાલુકા સદસ્યો, કારોબારી સમિતિના સભ્યો, ગ્રામ પંચાયતના સરપંચ, સભ્ય શાળાના શિક્ષકો, આંગણવાડીની બહેનો પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓ, સ્વસહાય જૂથની બહેનો, ગ્રામજનો વિગેરે હાજર રહી શ્રમદાન દિવસની ઉજવણીના ભાગરૂપે શ્રમદાન ઝુંબેશમાં ભાગીદારી નોંધી ગામને સ્વચ્છ અને હરિયાળુ બનાવવા પ્રેરિત કરેલ. આ કાર્યક્રમ ફકત સરકારી કાર્યક્રમ બની ન રહેતા સાચા અર્થમાં જન ભાગીદારીથી ગામડુ ખરેખર કાયમી ધોરણે સ્વચ્છ અને સ્વસ્થ બને લોકો સ્વચ્છતાના આગ્રહી બને વર્ષોથી એકઠો થયેલ કચરો કાયમી ધોરણે નિકાલ થઈ એ જગ્યાએ પર વૃક્ષારોપણ થાય, ગામમાં કાયમી ધોરણે પ્લાસ્ટીકનો ઉપયોગ સદંતર બંધ થાય, ઉકરડાનો નિકાલ થાય, પાણી ભરાઈ રહેતા ખાડા ખાબોચીયાનો નિકાલ થાય, ગામ સ્વચ્છ, સ્વસ્થ અને હરિયાળુ બની રોગચાળા મુકત બને તે બાબતને ધ્યાનમાં રાખી આ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ્ય સિધ્ધ કરેલ.

# અમરેલીમાં સાંસદ, નાયબ દંડક દ્વારા GST બચત ઉત્સવ અંતર્ગત વેપારીઓ સાથે મુલાકાત




કોઈપણ રાષ્ટ્રની પ્રગતિનો આધાર દેશના મજબૂત અર્થતંત્ર પર નિર્ભર હોય છે. દુનિયાનાં સૌથી મોટા આર્થિક દેશ તરીકે ઉભરી રહેલા ભારતને મજબૂત અને સશકત બનાવવા વિશ્વનાં સૌથી લોકપ્રિય નેતા અને દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ નવરાત્રીના પર્વ પર દેશવાસીઓને જીએસટીમાં ઘટાડો કરીને દિવાળીની ભેટ આપી છે. જીએસટીમાં થયેલા ઘટાડાને સૌ કોઈ જીએસટી બચત ઉત્સવ તરીકે ઉવી રહ્યા છે. ત્યારે અમરેલી શહેરની મુખ્ય બજારમાં આજરોજ ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયા, સાંસદ ભરતભાઈ સુતરીયા અને જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સહિતનાં આગેવાનોએ અમરેલીના વેપારીઓ સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન ઉત્સાહભેર વેપારીઓએ પ્રધાનપંત્રી નરેન્દ્રભાઈ મોદીને જીએસટીમાં કરેલા ફેરફાર માટે અભિનંદન પાઠવ્યા હતા અને રાજીપો વ્યકત કર્યો હતો. જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ જણાવ્યું હતું કે આજે અમરેલીની બજારમાં વેપારીઓમાં ઉત્સાહ, ઉમંગ અને ઉલ્લાસભર્યુ વાતાવરણ જોઈને ધન્યતા અનુભવી હતી. સૌએ એકમત રજૂ કર્યો હતો કે હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશીના માધ્યમથી આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરીશું. આ તકે જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, કાર્યક્રમનાં ઈન્ચાર્જ દિવ્યેશ વેકરિયા, દીપકભાઈ વઘાસીયા, કેતનભાઈ સોની, શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલિયા, મહામંત્રી રાકેશભાઈ સાવલિયા, યોગેશભાઈ ગણાત્રા, ઉપપ્રમુખ મૌલિકભાઈ ઉપાધ્યાય, અમરેલી નગરપાલિકા પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, કારોબારી ચેરમેન મનીષભાઈ ધરજીયા, દંડક દિલાભાઈ વાળા, ટાઉન પ્લાનિંગ ચેરમેન ચિરાગભાઈ ચાવડા, અમરેલી તાલુકા સદસ્ય વનરાજભાઈ કોઠીવાળ, પ્રવિણભાઈ ચાવડા, દિલીપભાઈ સાવલિયા તેમજ શહેર ભાજપના કાર્યકર્તા ધર્મેન્દ્રભાઈ ગોસ્વામી, મંથનભાઈ જોશી, વિરલભાઈ પરીખ, ગૌરવભાઈ મહેતા, વિદુરભાઈ ડાબસરા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

પાના ૧ ઉપરનું ચાલું

## ચલાલામાં લાખો રૂપિયાનો ખર્ચ

સંપૂર્ણ બહુમતી આપેલ હોવા છતાં સભ્યોનીઅંદરોઅંદરનીખેંચતાણનેઅને સંકલનના અભાવના કારણે લોકો સમસ્યાથીપીડાયરહ્યાછે.નગરપાલિકા તંત્ર દ્વારા ૧૪ દુકાનોવાળા બે શોપિંગ સેન્ટરઅનેસુવિધાયુકતશાકમાર્કેટ પણ બનાવેલા હોય એમનું પણ છેલ્લા દસ વર્ષથી કોઈ કારણોસર લોકાર્પણ થતું નથી અને લોકો જરૂરિયાત મુજબની સુવિધાથી વંચિત રહે છે. ચલાલા નગરપાલિકાતંત્રસામેલોકોનીખૂબમોટી નારાજગીવર્તાઈ રહીછે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૦૫૫ | ૧૩૮૮ |
| ૨ | ચણા | ૧૦૩૧ | ૧૦૩૧ |
| ૩ | જુવાર પીળી | ૪૦૦ | ૪૦૦ |
| ૪ | તલ કાળા | ૩૭૦૧ | ૪૨૦૧ |
| ૫ | ઘઉં | ૫૦૧ | ૫૦૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૪૬ | ૧૩૦૨ |
| ૨ | કપાસ કોડી | ૯૪૨ | ૧૧૯૫ |
| ૩ | ઘઉં | ૪૯૧ | ૫૨૫ |
| ૪ | અડદ | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૫ | તલ | ૧૮૨૫ | ૧૮૨૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૬૨૮ | ૯૭૦ |
| ૨ | ગીરનારી શીંગ | ૮૧૦ | ૮૧૦ |
| ૩ | શિંગ મોટી | ૬૦૧ | ૧૦૦૧ |
| ૪ | શિંગદાણા | ૯૦૦ | ૧૦૯૫ |
| ૫ | તલ સફેદ | ૧૦૩૦ | ૨૨૫૦ |
| ૬ | તલ કાળા | ૨૫૦૦ | ૪૩૭૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૧૦૦ | ૨૪૨૦ |
| ૮ | બાજરો | ૩૧૧ | ૩૫૪ |
| ૯ | જુવાર | ૬૬૯ | ૬૬૯ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૫૭ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૭૬ |
| ૧૨ | મગ | ૧૪૨૫ | ૧૫૮૫ |
| ૧૩ | અડદ | ૮૦૦ | ૧૧૫૦ |
| ૧૪ | ચણા | ૭૧૦ | ૧૧૨૪ |
| ૧૫ | સફેદ ચણા | ૧૦૨૫ | ૧૦૭૦ |
| ૧૬ | છોલે ચણા | ૧૮૨૫ | ૧૮૨૫ |
| ૧૭ | તુવેર | ૧૦૨૫ | ૧૧૭૧ |
| ૧૮ | કપાસ | ૮૪૦ | ૧૫૧૦ |
| ૧૯ | એરંડા | ૧૧૦૦ | ૧૨૨૦ |
| ૨૦ | જીરૂ | ૨૭૦૦ | ૩૫૫૦ |
| ૨૧ | ધાણા | ૧૦૦૦ | ૧૩૨૦ |
| ૨૨ | અજમા | ૧૧૦૦ | ૧૭૦૦ |
| ૨૩ | મેથી | ૭૬૫ | ૭૮૦ |
| ૨૪ | સોયાબીન | ૬૦૦ | ૮૧૪ |
| ૨૫ | રજકાનું બી | ૫૨૦૦ | ૭૧૮૦ |

સ્થાપના વર્ષ : ૧૯૫૯
શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ
વિદ્યાસભા કેમ્પસ, લાઠી રોડ, અમરેલી /સંપર્ક : 909-909-8220
શૈક્ષણિક વર્ષ : ૨૦૨૬–૨૭ પ્રવેશ રજીસ્ટ્રેશન શરૂ
:: સ્કૂલ કાર્યક્ષેત્ર :: નર્સરીથી ધો.૧૨ આર્ટસ / કોમર્સ / સાયન્સ. ગુજરાતી /મિશ્ર / અંગ્રેજી માધ્યમ
:: હોસ્ટેલ કાર્યક્ષેત્ર :: ધોરણ ૫ થી ૧૨ ( ભાઈઓ / બહેનો )
➡ વાલીશ્રીઓની લાગણી અને માંગણીને ધ્યાને રાખી ચાલુ શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ ફૂલ થયેલ હોવાથી આગામી શૈ.વર્ષ : ૨૦૨૬–૨૭ માટે રજીસ્ટ્રેશન શરૂ કરેલ છે.
➡ ૧૦૦ એકરમાં પથરાયેલા વિશાળ ઈન્ફ્રાસ્ટ્રકચરથી સુસજ્જ કેમ્પસમાં બહેનો અને ભાઈઓ માટે અલગ-અલગ નિવાસી વ્યવસ્થા
➡ છેલ્લા ૧૫ વર્ષથી શ્રેષ્ઠ રીઝલ્ટની અવિરત પરંપરા.
➡ કવોલીફાઈડ અને અનુભવી નિષ્ણાંત શિક્ષકોની ટીમ દ્વારા શિક્ષણ કાર્ય આપવામાં આવે છે.
➡ સાયન્સ લેબ, ATL લેબ, D&T લેબ, ડિઝીટલ કમ્પ્યુટર લેબ વીથ ઈન્ટરનેટ સુવિધા.
➡ પીવા માટે RO મિનરલ વોટરની સુવિધા
➡ સ્માર્ટ કલાસરૂમ ડિઝીટલ ટેકનોલોજીનાં માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓની ડેઈલી એકટીવીટીની વાલીઓને માહિતી.
➡ સીસીટીવી – સીકયુરીટી તેમજ જરૂરી વિદ્યાર્થીઓ માટે સલામતીની વ્યવસ્થા
➡ અમરેલી જિલ્લામાં DLSS (જિલ્લા લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ) તેમજ જ્ઞાનશકિત રેસીડેન્શિયલ સ્કૂલ ઓફ એકસેલન્સ ધરાવતી એક માત્ર સંસ્થા
➡ પ્રમુખશ્રી, વસંતભાઈ ગજેરાના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ કાર્યરત

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૭૦૦ | ૯૦૦ |
| ૨ | શીંગ મોટી | ૭૫૦ | ૧૦૦૦ |
| ૩ | તલ સફેદ | ૧૫૫૦ | ૧૯૧૦ |
| ૪ | તલ કાળા | ૩૦૦૦ | ૩૫૬૦ |
| ૫ | જીરૂ | ૩૨૦૦ | ૩૫૯૫ |
| ૬ | કપાસ | ૧૧૦૦ | ૧૫૪૫ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૩૦ | ૫૯૫ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૬૦૦ |
| ૧૦ | જુવાર | ૫૦૦ | ૭૯૦ |
| ૧૧ | મકાઈ | – | ૪૦૧ |
| ૧૨ | મગ | – | ૧૨૦૦ |
| ૧૩ | અડદ | ૧૦૦૦ | ૧૨૧૦ |
| ૧૪ | ચણા | ૧૦૫૦ | ૧૧૪૦ |
| ૧૫ | તુવેર | ૯૫૦ | ૧૧૦૦ |
| ૧૬ | ધાણા | – | ૧૦૦૦ |

## સરપંચનુ સન્માન કરતાં એએસપી અને પીઆઈ
## ભૈ વાહ : બગસરાનાં બાલાપુર ગામમાં ૨૫ સીસીટીવી કેમેરા લગાવી દેવાયા

### જિલ્લાનાં દરેક ગામોમાં કેમેરા લગાવવા અભિયાન



અમરેલી, તા. ૨૫

બગસરા તાલુકાના બાલાપુર ગામના સરપંચ દ્વારા સરકારી ગ્રાન્ટ મેળવી કુલ ૨૫ જેટલા સીસીટીવી કેમેરા ગામમાં નંખાવી ગામની સુરક્ષામાં વધારો કરતા સરપંચનું મદદનીશ પોલીસ અધિક્ષક જયવીર ગઢવી તથા પોલીસ ઈન્સ્પેકટર આઈ.જે. ગીડા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

બગસરા તાલુકાના બાલાપુર ગામ સીસીટીવી કેમેરાથી સજજ થતા અમરેલી જિલ્લા પોલીસ તંત્ર દ્વારા બાલાપુર ગામની મુલાકાત લઈ અને બાલાપુરના સરપંચ સહિતના ગ્રામ પંચાયતનાં સદસ્યોને બિરદાવ્યા હતા. અને સરપંચનું અભિવાદન હતું.

અમરેલી પોલીસ તંત્રના ધારીના એ.એસ.પી. જયવીર ગઢવી સાથે બગસરા પોલીસ દ્વારા બગસરાના દરેક ગામડાઓ સીસીટીવી કેમેરાથી સજજ થાય તે અંગેના પ્રયત્નોને સફળતા મળી હતી. ત્યારે એએસપી જયવીર ગઢવી દ્વારા અમરેલી જિલ્લાના તમામ ગામડાઓમાં આવી સીસીટીવી સુવિધાઓ વધારો થાય તો ક્રાઈમ રેટ ઘટે અને ગુન્હાઓ બનતા પણ અટકે તે માટે દરેક જિલ્લાના ગામડામાં આવી સીસીટીવીની સુવિધાઓ ઉપલબ્ધ થાય તેવો અનુરોધ અમરેલી જિલ્લા પોલીસ તંત્ર તરફથી કરવામાં આવ્યો હતો.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૦૦ | ૧૫૭૧ |
| ૨ | ઘઉં લોકવન | ૪૪૨ | ૫૩૩ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૧૬ |
| ૪ | તુવેર | ૯૦૦ | ૧૦૧૦ |
| ૫ | શીંગફાડા | ૯૪૦ | ૯૫૦ |
| ૬ | મગ | ૧૩૦૦ | ૧૩૭૦ |
| ૭ | સોયાબીન | ૭૭૫ | ૭૯૧ |
| ૮ | અડદ | ૯૧૨ | ૧૧૮૯ |
| ૯ | તલ સફેદ | ૧૩૩૦ | ૧૭૪૫ |
| ૧૦ | મગફળી | ૩૭૫ | ૭૦૭ |
| ૧૧ | ચણા | ૭૫૦ | ૧૦૨૫ |

## ગરીબ પરિવારની દીકરીઓના લગ્ન વિનામૂલ્યે થશે
## ચલાલા શિવસાંઈ ગૃપ દ્વારા વિનામૂલ્યે સમૂહલગ્ન યોજાશે

### ૧૦૧થી વધુ કરિયાવર વસ્તુઓ આપવામાં આવશે

ચલાલા, તા. ૨૫

મોગલ માં સેવા ચેરીટેબલ ટ્રસ્ટ ચલાલા દ્વારા ૪૫માં સર્વજ્ઞાતિય સમુહલગ્નનું આયોજન તુલસી વિવાહ સાથે તા. ૨/૧૧/૨૫ને રવિવાર સાંજના થાશે. આ સમુહલગ્નમાં જોડાવા માટે દિકરાની ઉંમર ૨૧ વર્ષ પુરા દીકરીની ઉંમર ૧૮ વર્ષ પૂરા હોય એ જ વાલીઓએ સંપર્ક કરવા વિનંતી. સમુહલગ્ન આયોજનનો મુખ્ય હેતુ દરેક દિકરીઓના લગ્ન વિનામૂલ્યે કરી આપીને દરેક દિકરીઓને કરિયાવરમાં વધુને વધુ ઘર ઉપયોગી વસ્તુઓ મળે આ સમુહલગ્નમાં ખુબ જ મર્યાદિત સંખ્યા લેવામાં આવે છે. જેથી આવનાર તમામ મહેમાનો જાનપક્ષના વડીલોને તેમન અન્ય લોકોની વ્યવસ્થાઓ જળવાઈ રહે અને દરેક દિકરીઓને કરિયાવરમાં વસ્તુ દાન નાનામાં નાની વ્યકિત આપી શકે. વધુ વિગત માટે મોગલ માં માનવ સેવા ટ્રસ્ટ ચલાલા મો. ૯૪૦૮૨ ૭૮૮૫૩/૯૪૨૮૨ ૬૧૦૧૪ ઉપર સંપર્ક કરવા ચલાલાના પત્રકાર પ્રકાશભાઈ કારિયાની યાદીમાં જણાવેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર નવો | ૧૨૩૦ | ૧૫૪૦ |
| ૨ | કપાસ જુનો | ૧૪૯૦ | ૧૫૫૦ |
| ૩ | મગફળી નવી | ૮૦૫ | ૮૩૫ |
| ૪ | તલ સફેદ | ૧૪૫૫ | ૧૯૨૫ |
| ૫ | જીરૂ | ૨૯૮૫ | ૩૪૨૫ |
| ૬ | ઘઉં | ૪૭૧ | ૫૧૯ |
| ૭ | મગ | ૧૨૬૦ | ૧૪૦૦ |
| ૮ | અડદ | ૯૮૫ | ૧૧૭૫ |

''અમરેલી એકસપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ–મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૬૫૦ | ૬૫૦ |
| ૨ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| ૩ | તલ કાળા | ૩૬૦૦ | ૪૧૪૯ |
| ૪ | તલ પીળા | ૨૧૫૨ | ૨૧૫૨ |
| ૫ | કપાસ | ૫૦૧ | ૧૩૨૬ |
| ૬ | બાજરો | ૩૭૦ | ૪૮૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૪૧ | ૫૬૬ |
| ૮ | જુવાર | ૬૮૧ | ૭૨૦ |
| ૯ | અડદ | ૧૧૦૧ | ૧૪૦૧ |
| ૧૦ | તુવેર | ૯૨૫ | ૯૨૫ |
| ૧૧ | ચણા | ૮૦૦ | ૮૦૦ |
| ૧૨ | મેથી | ૧૦૧૧ | ૧૦૧૧ |




## રેડક્રોસ, તાલુકા આરોગ્ય કચેરી, જિલ્લા પંચાયત પ્રમુખનું નિવાસ સ્થાન હોવા છતાં

# અમરેલીની સિવિલ હોસ્પિટલ કેમ્પસની પાછળ ગંદકીનાં ગંજ

**આધુનિક ટેકનોલોજીનાં યુગમાં ગટરનાં ગંધાતા પાણીની સમસ્યા દૂર કરાતી નથી**

**એક તરફ સ્વચ્છતા અભિયાન અને બીજી તરફ ગંદકીનાં ગંજ જોવા મળી રહ્યા છે**

**તગડો પગાર વસુલતા કર્મચારીઓ ફરજમાં ગુનાહિત બેદરકારી દાખવી રહ્યા છે**

**નબળી નેતાગીરીનાં લીધે ગંદકી સહિતની અનેક સમસ્યાઓ વિકરાળ બનતાં શહેરીજનો નારાજ**



અમરેલી, તા. ૨૫

અમરેલી શહેર અને ગંદકી વચ્ચે અતુટ નાતો હોય તેમ શહેરમાં કોઈને કોઈ વિસ્તારમાંથી ગંદકીની સમસ્યા પ્રકાશમાં આવી રહી છે. અને હવે, સિવિલ હોસ્પિટલનાં કેમ્પસમાં પાછળનાં ભાગે ગટરનાં ગંધાતા પાણીની સમસ્યા વિકરાળ બનતાં દર્દીઓ ઉપર આરોગ્યનું જોખમ ઉભુ થયું છે.

સિવિલ હોસ્પિટલનાં પાછળનો વિસ્તાર કે જયાં રેડક્રોસ સોસાયટી, તાલુકા આરોગ્ય કચેરી, જિલ્લા પંચાયત પ્રમુખનું નિવાસ સ્થાન, નર્સિંગ હોસ્ટેલ સહિતનાં મકાનો હોય મોટી સંખ્યામાં સૌ કોઈની અવરજવર હોવા છતાં ઠેકઠેકાણે માટીનાં ઢગ અને ગટરનાં ગંધાતા પાણી માર્ગ પર ફરી વળતાં જનઆરોગ્ય ઉપર ગંભીર ખતરો ઉભો થયો છે.

નબળી નેતાગીરીનાં કારણે તગડો પગાર વસુલતાં કર્મચારીઓ કોઈને ગણકારતા નથી. મનફાવે તે રીતે વહીવટ ચલાવતાં હોય જનતા જાયે તો જાયે કહાની સ્થિતિમાં જોવા મળી રહી છે.

આ અંગે તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનિષ ભંડેરીએ પણ આક્રોશ વ્યકત કર્યો છે.

## હડકલા હનુમાન મંદિર નજીક સિંહોનુ ટોળુ કેમેરામાં કેદ થયુ

# કોણે કીધુ સિંહના ટોળા ના હોય : ધારી–બગસરા માર્ગ ઉપર એકી સાથે નાના–મોટા ૧૪ સિંહોએ દેખા દીધી

**સિંહોની સંખ્યા વધતા તેમનો અવરજવરનો વિસ્તાર પણ વધ્યો**

અમરેલી, તા. ૨૫

આ પ્રાણીની જુની કહેવત છે કે સિંહોના ટોળા ન હોય પરંતુ કળિયુગનાં માહોલમાં અમુક જુની કહેવત સચોટ પૂરવાર થાય છે. તો અમુક જુની કહેવત ખોટી પુરવાર થાય છે અને સિંહોનુ ટોળુ ન હોય તે કહેવત કળિયુગમાં ખોટી સાબીત થઈ રહી છે.



ધારી–બગસરા માર્ગ ઉપર આવેલ હામાપુર ગામ નજીક હડકલા હનુમાનજી મંદિર ગત રાત્રિએ નાના–મોટા ૧૪ સિંહોનું ટોળુ માર્ગ ઉપર જોવા મળતાં માર્ગ પરથી પસાર થતાં વાહનચાલકે આ સુંદર દશ્ય કેમેરામાં કેદ કરી સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યુ હતું.

ગીર વિસ્તારમાં સિંહોની સંખ્યામાં વધારો થતાં સિંહોની અવરજવરનો વિસ્તાર પણ આગળ વધી રહ્યો છે.

## મોડી રાત્રિએ માથાકૂટ થઈ

# અમરેલીનાં માર્કેટયાર્ડ નજીક યુવક ઉપર ૩ ઈસમોએ છરી વડે કર્યો હુમલો

**પોલીસે ૩ ઈસમો વિરૂધ્ધ ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૨૫

અમરેલીના હનુમાનપરા શેરી નં. ૩માં રહેતા જયદીપ મહેશભાઈ સોલંકી નામના ૨૪ વર્ષિય યુવક ગત તા. ૨૪ના રોજ વ્હેલી સવારે ૩ વાગ્યે નવરાત્રીમાં ગરબા રમી અમરેલીના જુના માર્કેટીંગ યાર્ડની અંદર નાસ્તો કરવા જતા માર્કેટીંગ યાર્ડના ગેઈટ પાસે તેમના મોટર સાયકલની સામે રીક્ષા આવવા દેતા યુવકે અમરેલી ભારતનગરમાં રહેતા આરોપી મુસ્તાક ચૌહાણ નામના ઈસમને જોઈને રીક્ષા ચલાવવાનું કહેતા આરોપીએ છરી બતાવી યાર્ડમાં મળવાનું કહેલ હતું. ત્યાર બાદ યુવક નાસ્તો કરતા હોય ત્યારે આરોપી સાબીર ડાયાતર, અલ્ફેજ પઠાણ સહિત ત્રણેયે પાસે આવી યુવકને છરી મારવા જતા યુવકે પાણીની બોટલ આડી રાખી દેતા ગાલ ઉપર લાફો મારી તથા ત્યાં પડેલ શાકભાજીનું કેરેટ લઈ મારવા દોડતા હતાં. આ અંગે યુવકે ત્રણ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)